# પ્રેસનોટ

## " સુરત મહાનગરપાલિકાનાં લિંબાયત ઝોનમાં વિવિધ જગ્યાએ થયેલ ગેરકાયદેસર બાંધકામ નું ડીમોલીશન "

સુરત મહાનગરપાલિકાનાં સાઉથ ઈસ્ટ (લિંબાયત) ઝોનમાં સમાવિષ્ટ મંજુર ડ્રા.ટી.પી.સ્કીમ નં.૬૪(ડુંભાલ–મગોબ) ના ફા.પ્લોટ નં.૩૩ માં ભવાની ઈન્ડસ્ટ્રીયલ સોસાયટી આવેલ છે. ઉપરોકત સોસાયટીનાં સબ પ્લોટ નં.૧૫૭ અને ૧૫૮ નાં મિલ્કતદારો / કબ્જેદારો દ્વારા સુરત મહાનગરપાલિકાની પૂર્વ મંજુરી વિના ચોથા માળનું બાંધકામ ગેરકાયદેસર રીતે ઉભુ કરી દીધેલ. ઉપરોકત બાંધકામને ઝોન કચેરીએથી વારંવાર અટકાવવામાં આવેલ અને હિતસબંધીઓને નિયમ મુજબ પ્લાન મંજુર કરાવવા કડક ચેતવણી આપવામાં આવેલ. પરંતુ મિલ્કતદારો / કબ્જેદારો દ્વારા સુરત મહાનગરપાલિકાની ચેતવણીને અવગણીને બાંધકામ ચાલુ રાખવામાં આવેલ. જેથી આજરોજ તા.૧૬/૦૭/૨૦૧૬ નાં રોજ ઝોન કચેરી દ્વારા ઉપરોકત બાંધકામ સામે કડક પગલા લેવામાં આવેલ. ઝોનનાં શહેર વિકાસ વિભાગ અને દબાણ વિભાગ તેમજ ખાનગી કોન્ટ્રાકટરનાં બેલદારો થકી સદર મિલ્કતનો ચોથા માળનો આર.સી.સી.સ્લેબ દુર કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ. જે અન્વયે આશરે ૨૬૦૦ ચો.ફુટ જેટલો આર.સી.સી.સ્લેબ તેમજ આશરે ૫૦૦ ચો.ફુટ જેટલું ચણતરકામ ડિમોલિશન કરવામાં આવેલ. જે અન્વયે મિલ્કતદાર પાસેથી રૂા.૮૦,૦૦૦/– વસુલવામાં આવેલ.

આ ઉપરાંત લિંબાયત ઝોનમાં સમાવિષ્ટ મંજુર ડ્રા.ટી.પી.સ્કીમ નં.૪૦(લિંબાયત–ડીંડોલી) ના ફા.પ્લોટ નં.૨૫/બી માં આવેલ આસપાસ નગર સોસાયટીમાં સબ પ્લોટ નં.૧૪૯, ૧૫૦, ૧૫૧, ૧૫૨ જેટલા ચાર ગાળામાં બાંધકામો ચાલુ કરવામાં આવેલ. આ બાંધકામને વારંવાર અટકાવવા છતા હિતસબંધીઓ / મિલ્કતદારો દ્વારા બાંધકામ ચાલુ રાખવામાં આવેલ. સુરત મહાનગરપાલિકાની નિયમ મુજબની પરવાનગી લેવા અંગે કડક સુચના આપવા છતાં મિલ્કતદારો દ્વારા બાંધકામ ચાલુ રાખવામાં આવેલાં. જેથી આજરોજ તા.૧૬/૦૭/૧૬ નાં રોજ ઉપરોકત બાંધકામોને ડિમોલીશન કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ. ઝોનનાં શહેર વિકાસ વિભાગ અને દબાણ વિભાગ તેમજ ખાનગી કોન્ટ્રાકટરનાં માણસો થકી ચાર ગાળાનાં ગ્રાઉન્ડ + બે માળનાં બાંધકામમાં બીજા માળના આર.સી.સી.સ્લેબ આશરે ૧૨૦૦ ચો.ફુટ તથા ચણતર આશરે ૧૫૦૦ ચો.ફુટ દુર કરવામાં આવેલ. જે અન્વયે હિતસબંધીઓ / મિલ્કતદારો પાસેથી રૂા.૭૦,૦૦૦/– વસુલવામાં આવેલ.

આમ, લિંબાયત ઝોનમાં વિવિધ જગ્યાએ ગેરકાયદેસર બાંધકામનાં ડિમોલીશનની કાર્યવાહી હેઠળ કુલ આશરે ૩૮૦૦ ચો.ફુટ જેટલું આર.સી.સી. બાંધકામ અને આશરે ૨૦૦૦ ચો.ફુટ જેટલું ચણતરકામ દુર કરી રૂા.૧,૫૦,૦૦૦/– જેટલી રકમ ડિમોલીશન ચાર્જ પેટે વસુલ કરવામાં આવેલ.

ઉપરોકત સમગ્ર કામગીરી દરમ્યાન ઝોનનાં ડે.ઈજનેરશ્રીઓ, આસી. / જુની.ઈજનેરશ્રીઓ, આસી.ટાઉનપ્લાનર, દબાણ ખાતાનાં સુપરવાઈઝર, ટેકનીકલ આસીસ્ટન્ટ સહિત ૧૦ બેલદારો તથા ખાનગી એજન્સીનાં ૨૦ માણસોની ટીમ રોકાયેલ. અને કામગીરી સુપેરે પાર પાડેલ.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર
સમાચાર યાદી નં. ........ 1742
તા.૧૬/૦૭/૨૦૧૬

૭૪૩

# –: પ્રેસ નોટ :–

**<u>સુરત મહાનગરપાલિકા આરોગ્ય વિભાગ દ્વારા આયોજીત વિના મુલ્યે આરોગ્ય નિદાન / સારવાર કેમ્પ</u>**

**ચોમાસા દરમ્યાન દર વર્ષે સુરત મહાનગરપાલિકા દ્વારા જુદા જુદા ઝોનમાં વિના મુલ્યે આરોગ્ય નિદાન/ સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવે છે. જે મુજબ તા.૧૬/૦૭/૨૦૧૬ ના રોજ કોસાડ શહેરી આરોગ્ય કેન્દ્ર, અમરોલી ફાયર સ્ટેશનની બાજુમાં,સાયણ રોડ,ગુ.હા.બોડની સામે,સુરત. ખાતેથી દિપ પ્રાગટય કરી કેમ્પનો આરંભ કરવામાં આવ્યો હતો.**

**આ પ્રસંગમાં નેતા શાસક પક્ષ શ્રી ગિરજાશંકર મિશ્રા, આરોગ્ય સમિતિ ચેરમેન શ્રી અનીલભાઈ બીસ્કીટવાલા, રૂગ્ણાલય સમિતિ ચેરમેન ડો.રમણ પરમાર, મસ્કતી ધર્માર્થ હોસ્પિટલ સલાહકાર સમિતિ ચેરપર્સન શ્રીમતી ઉર્વશીબેન રામીમાળી, નાયબ આરોગ્ય અધિકારી (નોર્થ ઝોન) ડો.કે.એ.શ્રોફ , આસી.જંતુનાશક અધિકારી (નોર્થ ઝોન) ડો.કે.જી.વૈષ્ણવ તેમજ સ્મીમેર હોસ્પીટલના વિવિધ રોગના નિષ્ણાંત, કોસાડ શહેરી આરોગ્ય કેન્દ્રના મેડીકલ ઓફીસરો, આઈ.સી.ડી.એસ.ના કર્મચારી તથા અન્ય અધિકારી /કર્મચારીઓ હાજર રહયા હતા.**

આ કેમ્પમાં સ્મીમેર મેડીકલ કોલેજના વિવિધ તજજ્ઞોએ તબીબી નિદાન કરી સારવાર આપી હતી.મેડીકલ કેમ્પમાં કોસાડ શહેરી આરોગ્ય કેન્દ્રની આસપાસના વિસ્તારના કુલ ૬૩૫ લાભાર્થીઓએ લાભ લીધો હતો.જેમાં ફિઝીશીયન દ્વારા ૧૬૦, સર્જન દ્વારા ૧૩, બાળરોગ નિષ્ણાંત દ્વારા ૧૩૭, સ્ત્રીરોગ નિષ્ણાંત દ્વારા ૬૪, ચામડીના નિષ્ણાંત દ્વારા ૧૪૩, આંખના નિષ્ણાંત દ્વારા ૯૦, મેડીકલ ઓફીસર દ્વારા ૨૮ દર્દીઓને તપાસવામાં આવ્યા હતા. લેબ.ટેકનીશીયન દ્વારા તાવના ૧૨૭ દર્દીઓના લોહીના નમુના લેવામાં આવ્યા હતા. ઓ.આર.એસ ૨૦૦ પેકેટસનું વિતરણ કરવામાં આવ્યુ હતુ.૪૭ દર્દીઓને વધુ સારવાર માટે સ્મીમેર હોસ્પીટલ ખાતે રીફર કરવામાં આવ્યા હતા.

મેડીકલ કેમ્પના સ્થળે આરોગ્ય ખાતાના જુદા જુદા વિભાગ મારફતે રોગ અટકાયત બાબતે આરોગ્ય શિક્ષણ તથા જાણકારી આપી હતી.જુદા–જુદા રોગ અંગેની ૨,૦૦૦ પ્રચાર પત્રિકાનું વિતરણ કરવામાં આવ્યુ હતુ. કુટુંબ કલ્યાણ વિભાગ દ્વારા ગર્ભ નિરોધક સાધનો નિરોધ ૬૦, ઓરલ પીલ્સ ૧૧ પેકેટ, આયર્ન ફોલીક એસીડ નાની મોટી મળી કુલ ૨૦૦૦ ટેબ્લેટ, કલોરીન ટેબ્લેટ ૪૦૦૦ નું વિતરણ કરવામાં આવ્યુ હતુ. રસીકરણ વિભાગ દ્વારા ૩૫ બાળકોને પેન્ટાવેલેન્ટ, ૪૭ પોલીયોની રસી, ૧૩ બાળકોને આઇ.પી.વી., ૧૮ બાળકોને ઓરી, ૧૦ બાળકોને ડી.પી.ટી.ની રસી, ૧૮ બાળકોને વીટામીન–એ અને ૧૬ લાભાર્થીઓને મધર્સ ટી.ટી.ની રસી આપવામાં આવી હતી.

**<u>નોંધ :–</u> આગામી વિના–મૂલ્યે નિદાન સારવાર કેમ્પનું આયોજન કરંજ શહેરી આરોગ્ય કેન્દ્ર ખાતે રાખવામાં આવેલ છે.તો આ વિસ્તારની જાહેર જનતાને મહત્તમ લાભ લેવા વિનંતી છે.**

૭૪૪

**પ્રેસનોટ**

**સાઉથઝોન(ઉધના)**

**સુરત મહાનગરપાલિકા**

**તા.૧૬.૦૭.૨૦૧૬ નાં રોજ** સાઉથઝોન(ઉધના) ના ઈજનેર વિભાગ ધ્વારા ગૃડા એકટ– ૨૦૧૧ અંતર્ગત કુલ : ૦૨ ફાઈલના **રૂા.૦.૦૪ લાખ** રૂપિયા વસુલ લેવામાં આવેલ છે., કુલ– **૧૦ લોકેશન (ખાડા) ૮૯૦.૦૦ ચો.મી**. પેચવર્કની કામગીરી કરી કુલ **૪૮.૦૪** મે.ટન ડામરનો ઉપયોગ લેવામાં આવેલ છે., **કુલ–૧૭** લોકેશન(ખાડા) **૫૨૦.૦૦ ચો.મી.** મેટલીંગની કામગીરી કરવામાં આવેલ છે., **કુલ–૧૦** લોકેશન, **૧૭૦૦.૦૦ ચો.મી.** સ્ક્રેપીગની કામગીરી કરવામાં આવેલ છે., તથા બમરોલી ૧૫૦ ફુટ રોડ નજીક વિજયાનગર જંકશન પાસેથી **કુલ ૦૨ લારીઓનું** દબાણ દુર કરવામાં આવેલ તથા **વહીવટી ચાર્જ પેટે રૂા.૮,૬૦૦** વસુલ લેવામાં આવેલ તથા ડ્રેનેજ ના નવા કનેકશન કુલ : ૦૩ પાણીના નવા કનેકશન કુલ : ૦૪ આપવામાં આવેલ, તથા **આઈ.સી.નાં નાણાં** પેટે **રૂા.૦**/– વસુલ લેવામાં આવેલ, **આકારણી વિભાગ ધ્વારા** આવેલ કુલ અરજીઓની સંખ્યા **૩૧** છે., જેમાં નિકાલ કરવામાં આવેલ કુલ અરજીઓની સંખ્યા **: ૧૩૧** છે, પ્રોપર્ટી ટેક્ષની આવક **રૂા.૨૩.૬૨** લાખ થયેલ છે., તથા **વ્યવયાસ વેરા વિભાગ ધ્વારા** વ્યવસાય વેરાની આવક **રૂા.૧૫.૬૬** લાખ થયેલ છે., **૧૩** EC તથા **૧૦** RC નોંધાયેલ છે., નોંધણી ફી,રીન્યુ. ફી , ફેરફાર ફી તથા ડુપ્લીકેટ લાયસન્સ ફી પેટે કુલ **રૂા.૯૭૫/**– વસુલ કરવામાં આવેલ છે. વહીવટી ખર્ચ પેટે **રૂા.૧,૪૦૦/**– વસુલ લેવામાં આવેલ છે**., ૧૬** સંસ્થા રીન્યુ કરવામાં આવી તથા **૧૬** સંસ્થાની નવી નોંધણી કરવામાં આવેલ છે. તથા **આરોગ્ય વિભાગ ધ્વારા** સફાઈ કરેલ જીલ્લાની સંખ્યાઃ **૩૮૦** છે., ઉંચકાવેલ કન્ટેનરની સંખ્યાઃ **૧૨૧** છે., નિકાલ કરેલ સોલીડવેસ્ટ : **૨૧૫.૭૩૦** મે.ટન છે., આપવામાં આવેલ નોટીસ ની સંખ્યાઃ **૨૨** છે., વસુલ કરેલ વહીવટી ખર્ચ : **રૂા.૧૬,૩૦૦**/– છે., તથા **વી.ડી.સી. વિભાગ ધ્વારા** કુલ : **૧૦૫૯૬** ઘર સર્વે કરવામાં આવેલ., કુલઃ **૨૪૨૫૫** બ્રિડીગ સ્પોટ ચેક કરવામાં આવેલ છે., મળી આવેલ બ્રિડીગની સંખ્યાઃ ૯૦ છે જે પૈકી તમામ બ્રિડીંગનો નાશ કરાવવામાં આવેલ છે., કુલ સ્લાઈડ કલેકશનઃ **૯૫૯** કરવામાં આવેલ છે. જયારે **૪૮** નોટીસ આપવામાં આવેલ છે. તથા વહીવટી ખર્ચ પેટે **રૂા.૧,૩૦૦**/– વસુલ લેવામાં આવેલ છે.

# પ્રેસનોટ

## નોર્થ ઝોન (કતારગામ)

## સુરત મહાનગરપાલિકા

નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૧૫/૦૭/૨૦૧૬ ના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

આરોગ્ય વિભાગ દ્વારા ૨૫૦ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ. ૩૭ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ચાર્જ પેટે રૂ.૭,૧૫૦/– વસુલ લેવામાં આવેલ છે. ૪૬ ડ્રેનેજ ફરીયાદનો નિકાલ કરવામાં આવેલ છે. વી.બી.ડી.સી. વિભાગ દ્વારા ૧૦૬૮૨ ઘરનો સર્વે કરવામાં આવેલ. જે પૈકી ૫૬૪ વ્યકિતની સ્લાઈડ લેવામાં આવેલ છે. ઘરોના સર્વે દરમ્યાન ૮૦ જગ્યાએ માલુમ પડેલ બ્રિડીંગનો નાશ કરવામાં આવેલ છે. ૪૬ ઈસમોને નોટીસ આપવામાં આવેલ છે.

આકારણી અને વસુલાત વિભાગ દ્વારા કુલ ૩૬૭૭ કરદાતાઓ પાસેથી રૂા.૧,૦૩,૮૭,૨૦૪/– નો વેરો વસુલ કરવામાં આવેલ છે.

કતારગામ વિસ્તારમાં વ્યવસાયવેરા / ગુમાસ્તાધારામાં કુલ ૧૪૩ મિલ્કતોનું સર્વે કરવામાં આવેલ છે. વસુલાતની કામગીરી હેઠળ કુલ ઈ.સી.ની ૭૦ એન્ટ્રીમાં રૂા.૧,૫૩,૪૬૦/– અને આર.સી.ની ૭૩ એન્ટ્રીમાં રૂા.૩,૮૧,૬૫૯/– મળી કુલ રૂા.૫,૩૫,૧૧૯/– ની વસુલાત કરવામાં આવેલ છે.

ગુમાસ્તાધારા નવી નોંધણીની ૦૮ એન્ટ્રીમાં રૂા.૪૦૦/– રીન્યુઅલની ૧૨ એન્ટ્રીમાં રૂા.૬૮૦/– અને દંડની રકમની ૧૦ એન્ટ્રીમાં રૂા.૨૧૦૦/– ની વસુલાત કરવામાં આવેલ છે.

પાણી ખાતા ૦૮ સ્થળ પર લીકેજ દુરસ્તીની કામગીરી કરેલ છે. નવા પાણી કનેકશન સંદર્ભે રૂા.૬૬,૫૦૦/– ચાર્જ વસુલ લીધેલ.

દબાણ ખાતા દ્વારા (૧) "૦" રોડ : ભાઈચંદનગર વાડી પાસે, ધનમોરા માર્કેટ, ધનમોરા કોમ્પલેક્ષ પાસેથી બોર્ડ બેનરનું દબાણ હટાવી ખુલ્લી લારી–૦૮ તથા અન્ય–૦૭ વસ્તુ જપ્ત કરવામાં આવેલ છે. (૨) "અન્ય" રોડ : કોસાડ સરદારનગર સોસાયટીના સી.ઓ.પી.માં ગેરકાયદેસર બાંધકામ અટકાવી કોલમ–૦૪ તથા પાઈપ–૧૦ જપ્ત કરવામાં આવેલ છે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા તરફથી સાદર
સમાચાર યાદી નં. 745
તા.૧૬/૦૭/૨૦૧૬

૭૪૬

# ડ્રાય ડે

## <u>સુરત મહાનગરપાલિકા દ્વારા ડેન્ગ્યુ રોગ અંતર્ગત આજરોજ કરવામાં આવેલ "ડ્રાય ડે" ઝુંબેશ ની પ્રેસનોટ</u>

સુરત મહાનગરપાલિકાનાં વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા હાલની મચ્છરજન્ય રોગોનાં નિયંત્રણ માટે તમામ સ્તરે સઘન કામગીરી કરવામાં આવી રહી છે જેના અનુસંધાને તમામ ઝોનમાં આજે **<u>તા.૧૬/૦૭/૧૬</u>** ના રોજ મચ્છરજન્ય રોગ નિયંત્રણ માટે "ડ્રાય ડે" ની ઉજવણી કરવામાં આવેલ હતી. જેની માહિતી નીચે મુજબ છે.

–સેન્ટ્રલ ઝોનમાં ભંડારીવાડ,હોડીબંગલા,મોમનાવાડ,અશરફી ગલી,પાનવાલા ગલી જેવા વિસ્તારોમાં, રાંદેર ઝોનમાં સંસ્કારકોલોની, લક્ષ્મીકીર્તન શાકમાર્કટ, હિદાયત નગર, સંતતુકારામ ૦૨,સંજય નગર સોસાયટી, વાલ્મીકીઆવાસ,સલિમા પાર્ક એપાર્ટ. જેવા વિસ્તારોમાં, ઉધના ઝોનમાં મફતનગર,ગણપતનગર,સુડા આવાસ,,તુલસીધામ,સોયેબનગર,ગુરૂકૃપાનગર જેવા વિસ્તારોમાં, લિંબાયત ઝોનમાં શ્રીનાથનગર,ભાઠેના ૧૮૧, ૧૮૪,ગોવર્ધનનગર,જલારામનગર જેવા વિસ્તારોમાં, અઠવા ઝોનમાં હળપતિવાસ,આંબેડકરનગર,આઝાદનગર,બ્રાહમણ ફળીયું, પટેલ મોહલ્લો,બાપુનગર જેવા વિસ્તારોમાં, કતારગામ ઝોનમાં નવી વસાહત,આંબાતલાવડી ,મિલિન્દ નગર,તાપી નગર,કોસાડ આવાસ એચ–૨ જેવા વિસ્તારોમાં, વરાછા ઝોનમાં ઘનશ્યામનગર,દલિત વસાહત,જાડાબાવાનો ટેકરો,રાણાપંચની વાડી,ભગીરથ,છીપવાડ મહોલ્લો,માધવદર્શન સો.,દાદાભાઈની ચાલ,મુકિતધામ,ગિરનાર ઝુપડપટ્ટી જેવા વિસ્તારોમાં કામગીરી કરવામાં આવી.

સમગ્ર શહેરમાં......

| સર્વે કરેલ ઘરની સંખ્યા | સર્વે કરેલ બ્રિડીંગ સ્પોટની સંખ્યા | નાશ કરેલ બ્રિડીંગ સ્પોટની સંખ્યા | ડ્રાય કરેલ પાત્રોની સંખ્યા | સોર્સ રીડકશન | બ્લડ સ્મીયર કલેકશન | નો ટિ સ | વહીવટી ખર્ચ | ઈસમ ની સંખ્યા | ટેમીફોસ ટ્રીટમેન્ટ | પેમ્ફલેટ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 41272 | 91172 | 384 | 12112 | 1365 | 2365 | 152 | 100750 | 112 | 36710 | 19038 |

**તાવ માટેની ટોલ ફ્રી હેલ્પલાઈન ૧૦૪ નો ઉપયોગ કરવો.**

## સમય સવારે ૮.૦૦ થી રાત્રે ૮.૦૦

૭૪૭

# સુરત મહાનગરપાલિકા

## સાઉથ વેસ્ટ (અઠવા) ઝોન

## અખબારી યાદી

સુરત મહાનગરપાલિકાના સાઉથ વેસ્ટ(અઠવા)ઝોન વિસ્તારમાં તા.૧૬/૦૭/૧૬ના રોજ નીચે મુજબની કામગીરી કરવામાં આવેલ છે.

- સાઉથ વેસ્ટ(અઠવા)ઝોન વિસ્તારમાં આવેલ ટી.પી.સ્કીમ નં.૨૮(અલથાણ–ભટાર)ના ફા.પ્લોટ નં.૩૭ રીઝર્વેશન પ્લોટ(સેલેબલ ફોર રેસીડેન્સીયલ) માંથી ૧૭ નંગ ઝુપડા આજરોજ દુર કરી રીઝર્વેશન પ્લોટમાંથી દબાણ દૂર કરવામાં આવેલ છે તથા ટી.પી.સ્કીમ નં.૩૬(અલથાણ), ફા.પ્લોટ નં.૩૫, ગીરધર દ્વાર સોસાયટી વિભાગ–૩ ના સબ પ્લોટ નં.૭૦, ૭૧ માં ગ્રાઉન્ડ ફલોરનો સ્લેબ ભરવાના હેતુથી આશરે ૨૫૦૦.૦૦ ચો.ફુટ માપ વિસ્તારમાં કરેલ સેન્ટરીંગ સટરીંગ તથા આર.સી.સી. કોલમ, દિવાલનું ગેરકાયદેસર બાંધકામ દૂર કરી વહીવટી ચાર્જ પેટે રૂા.૩૦,૦૦૦/– (અંકે રૂા.ત્રીજા હજાર પુરા) વસુલ લેવામાં આવેલ છે.સદરહું કામગીરી અત્રેના સાઉથ વેસ્ટ(અઠવા) ઝોનના સ્ટાફ તથા સિકયુરીટી સ્ટાફની મદદથી કરવામાં આવેલ છે.

# સુરત મહાનગરપાલિકા
## જાહેર આરોગ્ય વિભાગ
## સ્વચ્છ ભારત અભિયાન
## પ્રેસનોટ

ભારત સરકાર દ્વારા આગામી સને ૨૦૧૯ સુધી "સ્વચ્છ ભારત મિશન" અંતર્ગત સ્વચ્છ ભારત માટે વિવિધ સફાઈ અને આરોગ્યલક્ષી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે. જેને કારણે સમગ્ર ભારત અને શહેરો, ગામોનું સ્વચ્છતાનું સ્તર જળવાઈ રહે.

તા.૦૪/૦૭/૧૬ના રોજ **"ઈન્ટરનેશનલ કો. ઓપરેટીવ ડે"** નિમિત્તે તા.૦૧/૦૭/૧૬ થી તા.૧૫/૦૭/૧૬ દરમ્યાન શહેરી ઝોન વિસ્તારમાં રેસીડન્ટ વેલફેર એસોસીએસન અને હાઉસીંગ સોસાયટી માટે "સ્વચ્છ અને સ્વસ્થ ભારત" ની સંયુકત ઝુંબેશનું આયોજન કરવા જણાવેલ છે.

જે અંતર્ગત તા.૧૫/૦૭/૧૬ના રોજ ઝોન/વોર્ડ વિસ્તારમાં આવેલ પ્રતિબંધિત પ્લાસ્ટીકની ઝુંબેશની કામગીરી તેમજ આજુ બાજુ ઘનિષ્ઠ સફાઈ ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. આ કામગીરી દરમ્યાન તમામ ઝોનમાં નીચે મુજબની કામગીરી કરવામાં આવેલ હતી.

| ઝોન | ચેક કરેલ સંસ્થા | જપ્ત કરેલ પ્લાસ્ટીક કી.ગ્રા | નોટીસ | ઈસમ | વહીવટી વસુલાત |
|---|---|---|---|---|---|
| **વરાછાઝોન** | 79 | 8.85 | 8 | 48 | 7000 |
| **ઉધના ઝોન** | 190 | 33.9 | 28 | 45 | 8500 |
| **રાદેરઝોન** | 46 | 2.4 | 9 | 24 | 4300 |
| **લિબાયતઝોન** | 128 | 37.95 | 22 | 57 | 6600 |
| **સેન્ટ્રલઝોન** | 177 | 15.4 | 34 | 83 | 13650 |
| **કતારગામઝોન** | 198 | 22 | 30 | 84 | 10200 |
| **અઠવાઝોન** | 43 | 4.25 | 5 | 20 | 2400 |
| **ટોટલ** | **861** | **124.75** | **136** | **361** | 52650 |

વધુમાં સંસથાઓના વહીવટદારોને પ્રતિબંધિત પ્લાસ્ટીકનો વપરાશ બંધ કરવા સુચના આપવામાં આવેલ હતી. તેમજ તેઓને આરોગ્યલક્ષી શિક્ષણ અને સમજ આપવામાં આવેલ હતું.

**"સ્વચ્છ ભારત મિશન"** અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર જનતા માટે @SwachhSurat એકાઉન્ટ twitter પર શરૂ કરવામાં આવેલ છે તેમજ જાહેર જનતા માટે તાવ અંગેની માહિતી મેળવવા ૧૦૪ હેલ્પલાઈન શરૂ કરવામાં આવેલ છે. જેનો જાહેર જનતાને ઉપયોગ કરવા જણાવવામાં આવેલ છે

-: પ્રેસનોટ :-

## સુરત મહાનગરપાલિકા આયોજીત આરતી શણગાર, મહેંદી, ગોરમાગીત અને વર્ષાગીત સ્પર્ધા

ભારતીય સંસ્કૃતિમાં બાલિકાઓ, કન્યાઓ અને મહિલાઓ માટે જ વિશેષરૂપે યોજાતા અલુણાવ્રત ઉત્સવને જીવંત અને ધબકતો રાખવાના ઉમદા હેતુસર અલુણાવ્રત ઉત્સવ શરૂ થવા પૂર્વે સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૧૬/૦૭/૨૦૧૬ના રોજ સવારે ૧૧.૦૦ કલાકે પ્રાથમિક વિભાગ અને માધ્યમિક વિભાગની સાદી મહેંદી અને બપોરે ૨.૦૦ કલાકે અરેબિક મહેંદી સ્પર્ધા નાના વરાછા કોમ્યુનિટી હોલ, સુરત ખાતે યોજવામાં આવી હતી. આ પ્રસંગે માન.મેયરશ્રી અસ્મિતાબેન પી. શિરોયાએ બાળકોમાં રહેલી સુષુપ્ત શક્તિને બહાર લાવવા અને સાંસ્કૃતિક વારસાના જતન અને સંવર્ધન માટે સુરત મહાનગરપાલિકા દ્વારા યોજાતી સ્પર્ધાઓમાં ભાગ નગરજનોને લેવા હિમાયત કરી હતી. ભારતીય પરંપરામાં શુકન ગણાતી હાથે મહેંદી મુકવાની પ્રણાલીને અનુસરતા શહેરની પ્રાથમિક અને માધ્યમિક શાળાઓની ૪૬૦ વિદ્યાર્થીનીઓએ સાદી મહેંદી અને અરેબિક મહેંદી સ્પર્ધામાં ભાગ લઈ અવનવી ડિઝાઈનમાં હાથે મહેંદી મુકી હતી. સ્પર્ધામાં નીચે મુજબની વિદ્યાર્થીનીઓ વિજેતા જાહેર થયા હતા.

**<u>પ્રાથમિક વિભાગ</u>**

| વિજેતા | સાદી મહેંદી | અરેબિક મહેંદી |
|---|---|---|
| પ્રથમ | શાહ આસ્માબાનુ સાદીક | તિવારી અંજલી વિજયભાઈ |
| દ્વિતીય | વાલાણી શ્રુતિ રાજેશભાઈ | પાટીલ ભાવના મોતીરામ |
| તૃતીય | શેખ નાઝનીન મો.ઈમરાન | ચોટલીયા ઈશિતા અમરશીભાઈ |

**<u>માધ્યમિક વિભાગ</u>**

| વિજેતા | સાદી મહેંદી | અરેબિક મહેંદી |
|---|---|---|
| પ્રથમ | જરીવાલા દેવાંશી પંકજભાઈ | સુમારા સોફીયા જુમાભાઈ |
| દ્વિતીય | જાદવ જીજ્ઞાસા મુકેશભાઈ | અંસારી આફરીન મો.જાફર |
| તૃતીય | પટેલ પુકતા ચેતનભાઈ | પૂનમ અશોક નકશીકર |

પ્રાથમિક અને માધ્યમિક વિભાગમાં યોજાયેલ મંહેદી સ્પર્ધાના વિજેતાઓને માન.મેયરશ્રીમતી અસ્મિતાબેન પી. શિરોયા, ડે.મેયરશ્રી શંકરલાલ ચેવલી, સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષા શ્રીમતી રૂપલબેન શાહ, ઉપાધ્યક્ષા શ્રીમતી રશ્મિકાબેન પટેલ, સ્લમ ઈમ્પ્રુવમેન્ટ સમિતિ અધ્યક્ષા શ્રીમતી રમિલાબેન પટેલ, સાંસ્કૃતિક સમિતિ સભ્યશ્રીમતી આરતીબેન પટેલ તથા નિર્ણાયકશ્રીઓના વરદ હસ્તે પુરસ્કૃત કરવામાં આવ્યા હતા. ભાગ લેનાર દરેક સ્પર્ધકોને સ્મૃતિભેટ આપવા આવી હતી. સ્પર્ધામાં શિક્ષકો, વાલીઓ અને નગરજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી સ્પર્ધકોને પ્રોત્સાહિત કર્યા હતા.

અલુણાવ્રત નિમિત્તે નીચે જણાવેલ સ્થળ અને સમયે યોજાનાર સ્પર્ધાઓમાં સમયસર ઉપસ્થિત રહેવા તમામ સ્પર્ધકોએ નોંધ લેવી તથા સ્પર્ધકોને પ્રોત્સાહિત કરવા જાહેર જનતાને નિમંત્રણ છે.

| ક્રમ | તારીખ / વાર | સમય | સ્પર્ધા / વિભાગ | વિભાગ | સ્પર્ધા સ્થળ |
|---|---|---|---|---|---|
| ૧ | ૧૮/૦૭/૨૦૧૬ સોમવાર | સવારે ૧૧ કલાકે | સાદી મહેંદી | ખુલ્લો વિભાગ | નાના વરાછા ગામતળ, સુરત મહાનગરપાલિકાના કોમ્યુનિટી હોલ, નાના વરાછા, સુરત. |
| ૨ | ૧૮/૦૭/૨૦૧૬ સોમવાર | બપોરે ૨ કલાકે | અરેબિક મહેંદી | ખુલ્લો વિભાગ | |
| ૩ | ૧૯/૦૭/૨૦૧૬ મંગળવાર | સવારે ૧૧ કલાકે | ગોરમાગીત | પ્રાથમિક વિભાગ | પરફોર્મીંગ આર્ટ સેન્ટર, એલ.પી.સવાણી–ડૉ.વિક્રમભાઈ સારાભાઈ માર્ગ, અડાજણ, સુરત. |
| ૪ | ૨૦/૦૭/૨૦૧૬ બુધવાર | સવારે ૯ કલાકે | વર્ષાગીત | પ્રાથમિક અને માધ્યમિક | |

સમાચારયાદી નં. 749, તા.૧૬/૦૭/૨૦૧૬, જનસંપર્ક વિભાગ, સુરત મહાનગરપાલિકા તરફથી સાદર.

MEHANDI 2016

સુરત મહાનગરપાલિકા દ્વારા અલૂણાવ્રત ઉજવણી નિમિત્તે તા.૧૬/૦૭/૨૦૧૬ના રોજ નાના વરાછા કોમ્યુનિટી હોલ, સુરત ખાતે આયોજીત પ્રાથમિક અને માધ્યમિક વિભાગના મહેંદી સ્પર્ધાના વિજેતાઓને પુરસ્કૃત કરતા માન.મેયર શ્રીમતી અસ્મિતાબેન પી.શિરોયા, ડે.મેયરશ્રી શંકરલાલ ચેવલી, સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષશ્રીમતી રૂપલબેન શાહ, અન્ય મહાનુભાવો તથા સ્પર્ધામાં ભાગ લઈ રહેલી બાળાઓ દ્રશ્યમાન છે.





૭૫૦

# પ્રેસનોટ

## નોર્થઝોન (કતારગામ)

## સુરત મહાનગરપાલિકા

નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં એડી.સીટી.ઈજનેરશ્રી તથા કાર્યપાલક ઈજનેરશ્રીની સુચના મુજબ તા.૧૬/૦૭/૨૦૧૬ ના રોજ ડીમોલીશનની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે. જેની વિગત નીચે મુજબ છે.

ફાઈનલ ટી.પી.સ્કીમ નં. ૧ (લાલદરવાજા) ફા.પ્લોટ નં.૨૯ સીટી સર્વે નં.૪૩૫/એ/પૈકી માં નોર્થઝોન (કતારગામ) ધ્વારા તા.૨૯/૦૨/૨૦૧૬ થી લોરાઈઝ બિલ્ડીંગના પ્લાનો મંજુર થયેલ. જે મંજુર પ્લાન વિરૂધ્ધ પાંચમાં માળે આર.સી.સી સ્લેબ વાળુ તેમજ સેન્ટરીંગ શટરીંગ વાળુ બાંધકામ શરૂ કરેલ જેથી અત્રે થી આજ રોજ તા.૧૬/૦૭/૨૦૧૬ થી સ્થળે પાંચમાં માળે આશરે ૩૬૦૦ ચો.ફુટ આર.સી.સી સ્લેબ નું બાંધકામ દુર કરવામાં આવેલ છે. તેમજ બાકી રહેલ ભાગમાં આર.સી.સી સ્લેબ ભરવાના ઈરાદે કરેલ આશરે ૩૬૦૦ ચો.ફુટ સેન્ટરીંગ અને શટરીંગ કામ દુર કરવામાં આવેલ છે. સદરહું કામગીરી કાર્યપાલક ઈજનેરશ્રીના માર્ગદર્શન હેઠળ ડે.ઈજનેરશ્રીઓ, જુની.ઈજનેરશ્રીઓની હાજરીમાં સિકયુરીટી સ્ટાફની મદદ થી ખાનગી ઈજારદારના બેલદારો મારફત હાથ ધરવામાં આવેલ છે.

# સુરત મહાનગરપાલિકા
## જાહેર આરોગ્ય વિભાગ
## સ્વચ્છ ભારત અભિયાન
## <u>પ્રેસનોટ</u>

ભારત સરકાર દ્વારા આગામી ૨ જી ઓકટોબર ૨૦૧૯ સુધી "સ્વચ્છ ભારત મિશન" અંતર્ગત સ્વચ્છ ભારત માટે વિવિધ સફાઈ અને આરોગ્યલક્ષી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે. જેને કારણે સમગ્ર ભારત અને શહેરો, ગામોનું સ્વચ્છતાનું સ્તર જળવાઈ રહે.

તા.૩૦/૦૭/૧૬ના રોજ **"વર્લ્ડ ફ્રેન્ડશીપ ડે"** નિમિત્ત્રે તા.૧૬/૦૭/૧૬ થી તા.૩૧/૦૭/૧૬ દરમ્યાન શહેરી ઝોન વિસ્તારમાં રેસીડન્ટ વેલફેર એસોસીએસન અને હાઉસીંગ સોસાયટી માટે "સ્વચ્છ અને સ્વચ્થ ભારત" ની સંયુકત ઝુંબેશનું આયોજન કરવા જણાવેલ છે.

જે અંતર્ગત તા.૧૬/૦૭/૧૬ના રોજ ઝોન વિસ્તારમાં આવેલ ભધક આવાસ, હાઉસીંગ કોલોની તેમજ અનુદાન મેળવતી સોસાયટીના પ્રમુખ/સેક્રેટરી, કાર્યકર્તાઓ, સ્થાનીક રહેવાસીઓના ગ્રુપો બનાવી તેઓ દ્વારા સંયુકત ટીમો બનાવી મચ્છર જન્ય રોગોને નીયત્રીત કરવા માટે ઈન્ટ્રા ડોમેસ્ટીક, પેરી ડોમેસ્ટીક કામગીરી કરાવવામાં આવેલ, તેમજ EWS આવાસ, હાઉસીંગ કોલોની તેમજ અનુદાન મેળવતી સોસાયટીઓમાં ધનિષ્ઠ સફાઈ ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી.

| ઝોન | સર્વે કરેલ ઘરની સંખ્યા | સર્વે કરેલ બ્રિડીંગ સ્પોટની સંખ્યા | નાશ કરેલ બ્રિડીંગ સ્પોટની સંખ્યા | ડ્રાય કરેલ પાત્રોની સંખ્યા | સોર્સ રીડકશન | બ્લડ સ્મીયર કલેકશન | નોટિસ | વહીવટી ખર્ચ રૂ/– | ઈસમ | ટેમીફોસ ટ્રીટમેન્ટ | પેમ્ફલેટ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| વરાછાઝોન | 15968 | 26316 | 128 | 2253 | 346 | 798 | 20 | 22150 | 16 | 5086 | 430[illegible] |
| ઉધના ઝોન | 6198 | 13875 | 38 | 1181 | 254 | 600 | 36 | 22400 | 44 | 10823 | 377 |
| રાદેરઝોન | 1804 | 3391 | 37 | 562 | 119 | 70 | 12 | 15500 | 3 | 650 | 213[illegible] |
| લિબાયતઝોન | 7259 | 21208 | 73 | 6713 | 125 | 512 | 29 | 12000 | 18 | 10924 | 375[illegible] |
| સેન્ટ્રલઝોન | 3244 | 9545 | 21 | 332 | 137 | 90 | 19 | 4200 | 7 | 4510 | 684 |
| કતારગામઝોન | 4983 | 13014 | 49 | 865 | 303 | 153 | 31 | 11500 | 19 | 6262 | 307[illegible] |
| અઠવાઝોન | 1816 | 3823 | 38 | 206 | 86 | 85 | 5 | 13000 | 5 | 1627 | 131 |
| **ટોટલ** | **41272** | **91172** | **384** | **12112** | **1370** | **2308** | **152** | **100750** | **112** | **39882** | **19038** |

વધુમાં આજુ બાજુના વિસ્તારની ધનિષ્ઠ સફાઈની કામગીરી કરવામાં આવેલ હતી. તેમજ રહિશોને આરોગ્યલક્ષી શિક્ષણ અને સમજ આપવામાં આવેલ હતું.

**"સ્વચ્છ ભારત મિશન"** અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર જનતા માટે @SwachhSurat એકાઉન્ટ twitter પર શરૂ કરવામાં આવેલ છે તેમજ જાહેર જનતા માટે તાવ અંગેની માહિતી મેળવવા ૧૦૪ હેલ્પલાઈન શરૂ કરવામાં આવેલ છે. જેનો જાહેર જનતાને ઉપયોગ કરવા જણાવવામાં આવેલ છે.

# સુરત મહાનગરપાલિકા

## સાઉથ વેસ્ટ (અઠવા) ઝોન

## અખબારી યાદી

સુરત મહાનગરપાલિકાના સાઉથ વેસ્ટ(અઠવા)ઝોન વિસ્તારમાં તા.૧૮/૦૭/૧૬ ના રોજ નીચે મુજબની કામગીરી કરવામાં આવેલ છે.

- ટી. પી. સ્કીમ નં. ૨૮(અલથાણ–ભટાર) ના ફા.પ્લોટ નં.૮૫, સબ પ્લોટ નં.૨૩/એ ના મિલ્કતદાર હર્ષદભાઈ ડી. પટેલ દ્વારા સુરત મહાનગરપાલિકાની બાંધકામની પરવાનગી વગર આશરે ૪૫૦.૦૦ ચો.ફુટ માપ વિસ્તારમાં પ્રથમ માળનું આર.સી.સી.બીમ તથા સ્લેબનું ગેરકાયદેસર બાંધકામ દૂર કરી વહીવટી ચાર્જ પેટે રૂા.૧૦,૦૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

ટી.પી.સ્કીમ નં.૨૮(અલથાણ–ભટાર)ના ફા.પ્લોટ નં.૮૬, સબ પ્લોટ નં.૭૪ નવા ભટારના મિલ્કતદારશ્રી રાજુભાઈ ચુનીલાલ સુથાર દ્વારા આશરે ૭૦૦.૦૦ ચો.ફુટ માપ વિસ્તારમાં બીજા માળનું આર.સી.સી.બીમ તથા સ્લેબનું ગેરકાયદેસર બાંધકામ દૂર કરી વહીવટી ચાર્જ પેટે રૂા.૧૦,૦૦૦/– વસુલ લેવામાં આવેલ છે. સદરહું કામગીરી અત્રેના સાઉથ વેસ્ટ(અઠવા) ઝોનના સ્ટાફ તથા સિકયુરીટી સ્ટાફની મદદથી કરવામાં આવેલ છે.

૭૫૩

# પ્રેસનોટ
# નોર્થ ઝોન (કતારગામ)
# સુરત મહાનગરપાલિકા

નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૧૬/૦૭/૨૦૧૬ થી તા.૧૭/૦૭/૨૦૧૬ સુધી કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

આરોગ્ય વિભાગ દ્વારા ૪૭૧ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ. ૬૧ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા.૧,૩૦૦/– વસુલ લેવામાં આવેલ છે. ૬૧ ડ્રેનેજ ફરીયાદનો નિકાલ કરવામાં આવેલ છે. વી.બી.ડી.સી. વિભાગ દ્વારા ૮૮૨૬ ઘરનો સર્વે કરવામાં આવેલ. જે પૈકી ૪૯૬ વ્યકિતની સ્લાઈડ લેવામાં આવેલ છે. ઘરોના સર્વે દરમ્યાન ૭૬ જગ્યાએ માલુમ પડેલ બ્રિડીંગનો નાશ કરવામાં આવેલ છે. ૪૮ ઈસમોને નોટીસ આપવામાં આવેલ છે. તેમજ વહીવટી ખર્ચ પેટે રૂા.૧૧૫૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

આકારણી અને વસુલાત વિભાગ દ્વારા કુલ ૨૭૮૮ કરદાતાઓ પાસેથી રૂા.૭૫,૬૬,૫૦૮/– નો વેરો વસુલ કરવામાં આવેલ છે.

કતારગામ વિસ્તારમાં વ્યવસાયવેરા / ગુમાસ્તાધારામાં કુલ ૧૦૧ મિલ્કતોનું સર્વે કરવામાં આવેલ છે. વસુલાતની કામગીરી હેઠળ કુલ ઈ.સી.ની ૫૮ એન્ટ્રીમાં રૂા.૧,૨૩,૯૬૦/– અને આર.સી.ની ૪૩ એન્ટ્રીમાં રૂા.૧,૯૩,૭૧૦/– મળી કુલ રૂા.૩,૧૭,૬૭૦/– ની વસુલાત કરવામાં આવેલ છે.

ગુમાસ્તાધારા નવી નોંધણીની ૧૦ એન્ટ્રીમાં રૂા.૪૨૦/– રીન્યુઅલની ૦૯ એન્ટ્રીમાં રૂા.૫૬૦/– અને દંડની રકમની ૦૯ એન્ટ્રીમાં રૂા.૧૦૦૦/– ની વસુલાત કરવામાં આવેલ છે.

પાણી ખાતા ૦૫ સ્થળ પર લીકેજ દુરસ્તીની કામગીરી કરેલ છે.

જમીન મિલ્કત વિભાગ દ્વારા EWS આવાસ વસુલાત રૂા.૬૩,૪૪૪/– ની વસુલાત કરવામાં આવેલ છે.

દબાણ ખાતા દ્વારા બળવંતનગર સોસા., અમરોલી કોલેજ રોડ તથા અમરોલી શાક માર્કેટ પાસે પાથરણાવાળાનું દબાણ હટાવી ખુલ્લી લારી–૧૭, બંધ લારી–૦૨ તથા પાથરણા–૪૦ જપ્ત કરવામાં આવેલ છે.

૭૫૪

# સુરત મહાનગર પાલિકા

## પ્રેશનોટ

## “જાહેરજનતા દ્વારા શહેરમાં ઘરે ઘરે સોલાર પ્લાન્ટ સ્થાપિત કરવાનો રોડમેપ જાહેર”

સુરત મહાનગરપાલિકા દિન પ્રતિદિન તેના વધતા જતાં વીજ વપરાશ અને વીજ-વપરાશના દરો ને કારણે બીનપરંપરાગત ઉર્જા સ્ત્રોત તરીકે સોલારવિન્ડ અને સુએઝ ગેસ , માંથીવીજળી ઉત્પન્ન કરી તેનો વપરાશ વર્ષોથી કરી રહેલ છે .**આ પ્રકારે ઉત્પન્ન થતી વીજળીથી ગ્રીન હાઉસ ગેસીસના વાતાવરણમાં થતાં પણ ઉત્સર્જનમાં પણ ઘટાડો થાય છે .**

, બિનપરંપરાગત ઉર્જાસ્ત્રોતોની યશગાથાને આગળ ધપાવતા “સ્માર્ટ સીટી” અને “સોલાર સીટી” અંતર્ગત રીન્યુએબલ એનેર્જી વપરાશના લક્ષ્યાંકોને હાંસિલ કરવાના ભાગરૂપે સુરત શહેરમાં કાર્યરત વિવિધ સંસ્થાઓ જેવી કે ,એજ્યુકેશનલ ,મેડીકલ ,કોમેર્શિયલ , સામાજિક તેમજ શહેરીજનો પોતાની મિલકતોના ,ઇન્ડસ્ટ્રીયલ*રૂફ પર સોલાર પાવર પ્લાન્ટ સ્થાપિત કરવા માટે પ્રોહ્ત્સાહિત થાય સોલાર પાવર પ્લાન્ટ સ્થાપિત કરવા ,માટે વિવિધ સ્ટેટ્યુટરી ઓથોરીટી જેવી કે ગુજરાત એનર્જી ડેવલોપમેન્ટ ઓથોરીટી ,(GEDA)વીજ વિતરણ કંપની )DGVCL & TPL ,(ઈલે ,ઇન્સ્પેક્ટરશ્રી ની કચેરી સાથે કરવી પડતી પ્રક્રિયા સરળ બને . કામગીરી ઓછા સમય માં પૂર્ણ થાય તે હેતુસર સુરત મહાનગરપાલિકા“ફેસીલેટર”ની ભૂમિકા કરવા જઈ રહેલ છે આ કામે સોલાર પાવર પ્લાન્ટ સ્થાપિત કરવાની કામગીરી .SECI ધ્વારા કરવામાં આવનાર છે.મહાનગરપાલિકા કામગીરી ના કોઓર્ડીનેટર તરીકેની ભૂમિકા ભજવશે ,*

સુરતનાં શહેરીજનોની સુખાકારીમાં વધારો થાય અને તેઓ સરળતાથી સોલાર પ્લાન્ટ લગાડી શકે તે હેતૂને સિધ્ધ કરવા સારુ ભારત સરકારના નવીન અને નવીનીકરણ ઉર્જા મંત્રાલય (MNRE) ધ્વારા ગઠિત કરવામાં આવેલ સંસ્થા એવી સોલાર એનેર્જી કોર્પોરેશન ઓફ ઇન્ડિયા (SECI) સાથે તા. ૧૮/૦૭/૨૦૧૬ નાં રોજ મા. મેયરશ્રી, મા. ડે. મેયરશ્રી, મા. સ્ટેન્ડીંગ કમિટિ ચેરમેનશ્રી, મા. નેતાશ્રી શાસકપક્ષ, મા. ચેરમેનશ્રી લાઇટ એન્ડ ફાયર કમિટિ, ની

અધ્યક્ષતામાં તેમજ વીજ વીતરણ કંપનીઓ DGVCL અને TORRENT ના પ્રતિનિધિઓની ઉપસ્થિતિમાં સુરત મહાનગર પાલિકાનાં મા. કમિશ્નરશ્રી  અને મેનેજીગ ડાયરેક્ટરશ્રી "સોલાર એનર્જી કોર્પોરેશન ઓફ ઇન્ડીયા (SECI)" વચ્ચે “મેમોરેન્ડમ ઓફ અન્ડરસ્ટેન્ડીંગ (MOU)” સાઇન કરવામાં આવેલ.



જેની સાથોસાથ આ પ્રસંગે સુરત મહાનગર પાલિકાએ આગામી દિવસોમાં ઝડપથી શહેરમાં રૂફટોપ સોલાર પાવર પ્લાન્ટ સ્થાપિત થાય તે હેતુસરનો રોડમેપ જાહેર કરેલ છે જે નીચે મુજબ છે.

| ક્રમ નં. | એક્શન | સમયગાળો |
|---|---|---|
| ૧ | સેકી સાથેનું MOU | ૧૮ જુલાઇ ૨૦૧૬ |
| ૨ | બેસલાઇન સર્વે | ૨૫ જુલાઇ ૨૦૧૬ |
| ૩ | સોલાર એનર્જી ગાઇડબુકનું નિર્માણ | ૩૧ જુલાઇ ૨૦૧૬ |
| ૪ | વિવિધ સોશીયલ પ્લેટફોર્મ (વેબસાઇટ / સોલાર રૂફ્ટોપ કેલ્યુલેટર / ફેસબુક પોર્ટલ / ટ્વીટર પોર્ટલ વિગેરે..) | ૩૧ ઓગષ્ટ ૨૦૧૬ |
| ૫ | વિવિધ સેકટર વાઇઝ સેમીનારનું આયોજન | ૦૧ સપ્ટે. થી ૦૫ સપ્ટે. ૨૦૧૬ |
| ૬ | જાહેર જનતાને માહિતગાર કરવાનું આયોજન | ૦૬ સપ્ટે. થી ૨૦ સપ્ટે. ૨૦૧૬ |
| ૭ | સુરત મહાનગર પાલિકાની સોલાર માટેની યોજનાનો લોકાર્પણ સમારંભ અને પ્રદર્શન | ૨૨ સપ્ટેમ્બર ૨૦૧૬ |
| ૮ | ઓફલાઇન હેલ્પ સેન્ટરનું આયોજન. | ૨૩ સપ્ટે. થી ૩૧ ઓક્ટો. ૨૦૧૬ |
| ૯* | સેકી દ્વારા ટેન્ડર મંગાવવાની કામગીરી. | ૩૧ ડીસેમ્બર ૨૦૧૬ |
| ૧૦* | સોલાર પ્લાન્ટસનું સ્થાપિતીકરણ. | ૦૧ જાન્યુ. ૨૦૧૭ થી ૩૦ જૂન ૨૦૧૭ |

૭૫૫

# –: પ્રેસનોટ :–

## સુરત મહાનગરપાલિકા આયોજીત મહેંદી, ગોરમાગીત અને વર્ષાગીત સ્પર્ધા

ભારતીય સંસ્કૃતિમાં બાલિકાઓ, કન્યાઓ અને મહિલાઓ માટે જ વિશેષરૂપે યોજાતા અલુણાવ્રત ઉત્સવને જીવંત અને ધબકતો રાખવાના ઉમદા હેતુસર સુરત મહાનગરપાલિકા દ્વારા આરતી શણગાર, મહેંદી, ગોરમાગીત અને વર્ષાગીત સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવેલ છે. જે અંતર્ગત તા.૧૮/૦૭/૨૦૧૬ના રોજ સવારે ૧૧.૦૦ કલાકે ખુલ્લા વિભાગની સાદી મહેંદી અને બપોરે ૨.૦૦ કલાકે અરેબિક મહેંદી સ્પર્ધા નાના વરાછા કોમ્યુનિટી હોલ, સુરત ખાતે યોજવામાં આવી હતી. ભારતીય પરંપરામાં શુકન ગણાતી હાથે મહેંદી મુકવાની પ્રણાલીને અનુસરતા સાદી અને અરેબિક મંહેદી સ્પર્ધા મળી ૬૦૦ જેટલા મહિલાઓએ ઉમંગભેર ભાગ લઈ અવનવી ડિઝાઈનમાં હાથે મહેંદી મુકી ઉપસ્થિતોને મંત્રમુગ્ધ કર્યા હતા. સ્પર્ધામાં નીચે મુજબના સ્પર્ધકો વિજેતા જાહેર થયા હતા.

**<u>ખુલ્લો વિભાગ</u>**

| વિજેતા | સાદી મહેંદી | અરેબિક મહેંદી |
|---|---|---|
| પ્રથમ | દલાલ નિશી અલ્પેશભાઈ | રાધિકા દિપેશ પટેલ |
| દ્વિતીય | જરીવાલા ભૂમિકા મેહુલભાઈ | કાકલોતર નિકિતા કાળુભાઈ |
| તૃતીય | જરીવાલા રૂપલ સી. | પટેલ વિમ્પલ કમલેશભાઈ |
| આશ્વાસન | પ્રેક્ષા પચ્ચીગર, | શેખ ઝુવેરીયા અબ્દુલ સલામ |
| | ઝંખના ભાવેશકુમાર રેશમવાલા | પ્રજાપતિ હિરલ ધનજીભાઈ |
| | સોનલ બરફીવાલા | માસ્તર દિક્ષિતા નિતીનભાઈ |
| | શીરાવાલા જહાનવી દિનેશચંદ્ર | ચૌહાણ કલ્પના દાનજીભાઈ |
| | દર્શિતા આકાશ મહેતા | |
| | દેવાંશી એસ. પટેલ | |
| | ઉપાસના પટેલ | |
| | નિમિષા મહેશભાઈ રાણા | |

| | | |
|---|---|---|
| | ઢોલા ધારા પ્રવિણભાઈ | |

સાંસ્કૃતિક વારસાના જતન અને સંવર્ધન માટે સુરત મહાનગરપાલિકા દ્વારા આયોજીત આ સાદી અને અરેબિક મંહેદી સ્પર્ધાના વિજેતાઓને સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષા શ્રીમતી રૂપલબેન શાહ, ગૃહનિર્માણ અને ઉદ્યાન સમિતિ ચેરમેન શ્રીમતી રંજનબેન સરતાનપરા, સ્લમ ઈમ્પ્રુવમેન્ટ સમિતિ અધ્યક્ષા શ્રીમતી રમિલાબેન પટેલ, સાંસ્કૃતિક સમિતિ ઉપાધ્યક્ષા શ્રીમતી રશ્મિકાબેન પટેલ, સાંસ્કૃતિક સમિતિ સભ્ય શ્રીમતી આરતીબેન પટેલ, મ્યુનિ.સભ્યશ્રીઓ તથા નિર્ણાયકશ્રીઓના વરદ હસ્તે સન્માનિત કરવામાં આવ્યા હતા. ભાગ લેનાર તમામ સ્પર્ધકોને સ્મૃતિભેટ આપવા આવી હતી.

અલુણાવ્રત નિમિત્તે નીચે જણાવેલ સ્થળ અને સમયે યોજાનાર ગોરમાગીત અને વર્ષાગીત સ્પર્ધાઓમાં સમયસર ઉપસ્થિત રહેવા તમામ સ્પર્ધકોએ નોંધ લેવી તથા સ્પર્ધકોને પ્રોત્સાહિત કરવા જાહેર જનતાને નિમંત્રણ છે.

| ક્રમ | તારીખ / વાર | સમય | સ્પર્ધા / વિભાગ | વિભાગ | સ્પર્ધા સ્થળ |
|---|---|---|---|---|---|
| ૧ | ૧૯/૦૭/૨૦૧૬ મંગળવાર | સવારે ૧૧ કલાકે | ગોરમાગીત | પ્રાથમિક વિભાગ | પરફોર્મીંગ આર્ટ સેન્ટર, એલ.પી.સવાણી–ડૉ.વિક્રમભાઈ સારાભાઈ માર્ગ, અડાજણ, સુરત. |
| ૨ | ૨૦/૦૭/૨૦૧૬ બુધવાર | સવારે ૯ કલાકે | વર્ષાગીત | પ્રાથમિક અને માધ્યમિક | |

સુરત મહાનગરપાલિકા દ્વારા અણુવ્રત ઉજવણી નિમિત્તે તા.૧૮/૦૭/૨૦૧૬ના રોજ નાના વરાછા કોમ્યુનિટી હોલ, સુરત ખાતે આયોજીત ખુલ્લા વિભાગની રાખી અને અરેબિક મહેંદી સ્પર્ધાના વિજેતાઓને પુરસ્કૃત કરતા સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષશ્રીમતી રૂપલબેન શાહ, અન્ય મહાનુભાવો તથા સ્પર્ધામાં ભાગ લઈ રહેલી મહિલા સ્પર્ધકો દશ્યમાન છે.

૭૫૬

# <u>પ્રેસનોટ</u>

**<u>સુરત મહાનગરપાલિકાના ઈસ્ટ (વરાછા) ઝોનનાં વી.બી.ડી.સી. વિભાગ નાં કાર્યક્ષેત્ર હેઠળનાં વિસ્તારમાં આવેલ મચ્છરજન્ય રોગ નિયંત્રણ માટે બાંધકામોમાં કરવામાં આવેલ સઘન આરોગ્યલક્ષી કામગીરીની વિગત નીચે મુજબ છે.</u>**

**પૂર્વઝોન વરાછાનાં વી.બી.ડી.સી. વિભાગ ધ્વારા વરાછા ઝોનનાં કાર્યક્ષેત્ર હેઠળનાં વિસ્તારોમાં કાર્યરત કુલ ૧૪૪ બાંધકામો તા.૦૭/૦૭/૨૦૧૬ નાં રોજ ચેક કરવામાં આવેલ. જે અંતર્ગત બાંધકામનાં ઓર્ગેનાઈઝરો ધ્વારા બાંધકામમાં કાર્યરત મજુરોનું આરોગ્ય જોખમાય નહીં તે માટે મચ્છરદાનીઓ પૂરી પાડવી. બાંધકામમાં મચ્છરજન્ય પરિસ્થિતિ પેદા ન થાય તે માટે ગુજરાત હાઈકોર્ટ ધ્વારા જાહેર હિતની અરજી નં.PIL-122/2011 નાં અનુસંધાને ચાલુ બાંધકામે લેવા જોગ કાળજીઓ બાબતે મા.હાઈકોર્ટ ધ્વારા નીમવામાં આવેલ એક્ષપર્ટ કમિટિની ભલામણોનો ચુસ્તપણે અમલ તેમજ શૌચાલય વ્યવસ્થા વિગેરે બાબતે ચકાસણી કરવામાં આવેલ.**

- **જે તે સમયે ૭૩ બાંધકામોમાં આ બાબતે કોઈ વિશેષ કાળજી લેવામાં આવેલ ન હોય આથી તેઓને નોટીસો ઈસ્યુ કરવામાં આવેલ. તા.૧૩/૦૭/૨૦૧૬ નાં રોજ કમિશ્નરશ્રી અધ્યક્ષતા હેઠળ પણ સદર બાબતે ફરીથી ચકાસણી કરી કસૂરવારો સામે કાર્યવાહી કરવા સૂચના આપવામાં આવેલ.**
- **ગત અઠવાડીએ વરાછા ઝોનનાં વી.બી.ડી.સી. વિભાગની ટીમોની જુદા–જુદા બાંધકામોની ચકાસણી દરમિયાન યોગીચોક વિસ્તારનાં મેજીસ્ટીક ટાવરનાં બાંધકામનાં મજુરોની તપાસ દરમિયાન મેલેરીયાનાં કેસો ધ્યાન પર આવેલ અને ઓર્ગેનાઈઝર ધ્વારા મજુરોને મચ્છરદાની ફાળવવામાં આવેલ નહીં હોવાનું પણ તેમજ બાંધકામમાં મચ્છરજન્ય પરિસ્થિતિ ધ્યાને આવતાં આજરોજ તાકીદે સદર બાંધકામ બંધ કરાવવામાં આવેલ છે અને જયાં સુધી મા.હાઈકોર્ટની એક્ષપર્ટ કમિટિની ભલામણો મુજબની તમામ પૂર્તતા ઓર્ગેનાઈઝર ધ્વારા કરવામાં ન આવે ત્યાં સુધી બાંધકામ બંધ રાખવાની કાર્યવાહી કરવામાં આવેલ છે.**

૭૫૭

# પ્રેસનોટ

## ગાર્ડન ખાતુ

## સુરત મહાનગરપાલિકા

## <u>એસ.એમ.એસ આધારીત ટ્રી–પ્લાન્ટેશન</u>

**વૃક્ષારોપણને વધુ વેગ મળે તે માટે સુરત મહાનગરપાલિકા ધ્વારા એસ.એમ.એસ આધારીત ટ્રી–પ્લાન્ટેશન યોજનાનો શુભારંભ** મા. મેયર શ્રીમતિ અસ્મિતાબેન પ્રફુલભાઈ શિરોયાના વરદ્ હસ્તે કરવામાં આવેલ છે. સદર યોજનાનો લાભ નગરજનો ૧૫ મી જુનથી ૧૫મી સપ્ટેમ્બર સુધી લઈ શકશે. સદર યોજનાનો લાભ લેવા માટે સુ.મ.પા.ના મોબાઈલ નંબર **૯૨૭૪ ૨૨૨ ૨૨૨** પર એસ.એમ.એસ. **GREENSURAT** પર મળેલ સંદેશા મુજબ સુરત શહેર હદ વિસ્તારમાં જે તે ઝોનમાં ખાનગી જમીનો ઉપર વૃક્ષોના રોપાનું રોપાણ કોર્પોરેશન ધ્વારા કરવામાં આવે છે. ત્યારબાદ કરવામાં આવેલ ટ્રી–પ્લાન્ટેશન મોટા વૃક્ષમાં પરિણમે (૧૫ થી ૨૦ ફુટની ઉચાઈનું થાય ત્યાં સુધી) ત્યાં સુધી તેની માવજત કરવા એસ.એમ.એસ. કરનાર પાસેથી વૃક્ષો ઉછેર અને સંરક્ષણ કરવાની જવાબદારી અંગે લેખિત બાહેંધરી પત્ર લેવામાં આવે છે. તા.૧૮/૦૭/૧૬ સુધીમાં ગાર્ડન વિભાગને મળેલ કુલ **૫૭૫** ઓનલાઈન એપ્લીકેશન પૈકી **૩૬૦** એપ્લીકેશન ગ્રાહય રાખવામાં આવેલ. ઓનલાઈન એપ્લીકેશન કરનારનો સંપર્ક કરી નગરજનોના ખાનગી સ્થળો / પ્લોટમાં  કુલ **૨૭૩૨** વૃક્ષોના રોપાનું પ્લાન્ટેશન સુ.મ.પા.ના ગાર્ડન વિભાગ ધ્વારા કરવામાં આવેલ છે. સુરત શહેરમાં વધુમાં વધુ વૃક્ષારોપણ થાય તે માટે અને પર્યાવરણ જાળવણીમાં યોગદાન આપવા માટે નગરજનોને આ યોજનાનો લાભ લેવા વિનંતી.

સુરત મહાનગરપાલિકા

જાહેર આરોગ્ય વિભાગ

# પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકા દ્વારા સાત ઝોન વિસ્તારની ડોર ટુ ડોર ગાર્બેજ કલેકશનની કામગીરી અલગ–અલગ સાત એજન્સીઓને સોંપવામાં આવેલ છે. મહાત્મા ગાંધીજીની સને ૨૦૧૯માં ઉજવવામાં આવનાર ૧૫૦ મી જન્મજયંતિ અને "સ્વચ્છ ભારત અભિયાન" અંતગર્ત શહેરની સ્વચ્છતા–સફાઈની ગુણવત્તા હજી વધારે સુધારી શકાય તે માટે સવારની શીફટ દરમ્યાન શહેરનાં રહેણાંક વિસ્તારોમાં, જયારે સાંજના સમયે કોમર્શીયલ વિસ્તારોમાં કરાવવામાં આવતી ડોર ટુ ડોર ગાર્બેજ કામગીરી વધુ ઘનિષ્ઠ બનાવી શકાય તે હેતુસર વિવિધ એજન્સીઓ દ્વારા **તા.૧૧/૦૭/૨૦૧૬ થી તા.૧૭/૦૭/૨૦૧૬** દરમિયાન કરવામાં આવેલ આ કામગીરીનું ઘનિષ્ઠ ચેકીંગ મહાનગરપાલિકા દ્વારા હાથ ધરવામાં આવેલ. જે દરમ્યાન આ કામગીરીમાં આચરવામાં આવેલ વિવિધ અનિયમિતતા જેવી કે, (૧) જે–તે રૂટના તમામ રહેણાંક અને કોમર્શીયલ યુનિટો કવર કરવામાં આવેલ ન હોઈ, (૨) જે–તે રૂટની કામગીરી નિર્ધારિત સમયે શરૂ કરવામાં આવેલ ન હોઈ, (૩) બ્રેક–ડાઉન થયેલ વાહનના બદલામાં અન્ય વાહન નિયત સમયમાં ફાળવેલ ન હોઈ, (૪) વાહન દીઠ ૦૨ સ્વચ્છતા મિત્રો ફાળવેલ ન હોઈ, (૫) નિયત રૂટને બદલે અન્ય રૂટ પરથી ગાર્બેજનું એકત્રિકરણ કરવામાં આવતું હોઈ અથવા ગાર્બેજ સિવાયનું અન્ય મટીરીયલ્સ એકત્રિત કરવામાં આવતું હોઈ, (૬) કચરો અલગ કરી, કોથળા/બેગ/થેલામાં એકત્રિત કરી, કોથળા/બેગ/થેલા વાહન ઉપર લટકાવવામાં આવેલ હોઈ, (૭) કામગીરીમાં રોકાયેલ એજન્સી તમામ કર્મચારીઓ દ્વારા યુનીફોર્મ કે સેફટીના સાધનો (માસ્ક, ગમબુટ, ગ્લોઝ વિ.) પહેરલ ન હોઈ અથવા આઈ કાર્ડ રાખવામાં આવેલ ન હોઈ, તથા (૮) નિયત કરેલ સુપરવાઈઝરો ફાળવવામાં આવેલ ન હોઈ વિગેરે અનિયમિતતા બદલ સેન્ટ્રલઝોન – રૂા.૧૦,૫૮૦/–, વેસ્ટઝોન – રૂા.૧૨,૩૯૦/–, સાઉથઝોન – રૂા.૬૪૫૦/–, સાઉથઈસ્ટઝોન – રૂા.૧,૯૩,૯૦૦/–, સાઉથવેસ્ટઝોન – રૂા.૫,૯૧૦/–, નોર્થઝોન – રૂા.૮,૬૦૦/– અને ઈસ્ટઝોન – રૂા.૧૯,૧૦૦/– મળી તમામ ઝોનની જુદી–જુદી એજન્સીઓ પાસેથી કુલ **રૂા.૨,૫૬,૯૩૦/–** પેનલ્ટી વસુલવામાં આવેલ છે. કામગીરી વધુ ઘનિષ્ઠ બનાવી શકાય તે માટે, દૈનિક કામગીરીમાં ઈજારદાર દ્વારા રોકવામાં આવતા વાહનો તથા સ્વચ્છતા મિત્રોની સંખ્યાની નોંધણી જે–તે વોર્ડ ઓફિસો પર કરાવી, તેની માહિતી વાયરલેસ મારફતે ઝોન કંટ્રોલમાં રોજે–રોજ આપવામાં આવે છે, તેમજ તે અંગેનું મોનીટરીંગ નિયમિતપણે સંબંધિત ઝોનના નાયબ આરોગ્ય અધિકારી દ્વારા કરવામાં આવે છે.

૭૫૯

# <u>પ્રેસનોટ</u>

## <u>ગેરકાયદેસર બાંધકામ દુર કર્યાની વિગત :–</u>

સેન્ટ્રલ ઝોનના ઝોનલ ચીફ/સીટી ઈજનેરશ્રી તથા કાર્યપાલક ઈજનેરશ્રી સેન્ટ્રલ ઝોનની સીધી સુચના અને માર્ગદર્શન હેઠળ સેન્ટ્રલ ઝોનના વોર્ડ નં. ૧૧, રામજીની પોળ, નાણાવટ ખાતે આવેલ મિલ્કત નોંધ નં. ૩૯૭,૩૯૮–'બ' વાળી મિલ્કતમાં મિલ્કતદારશ્રી પ્રશાંત કૃષ્ણકાંત શેઠ તથા બીજાઓ ધ્વારા તા. ૨૧/૧૨/૧૫ થી મેળવેલ વિકાસ પરવાનગી ના મંજુર પ્લાન વિરુધ્ધ ગેરકાયદેસર બાંધકામ કરવામાં આવતા, અત્રેથી મિલ્કતદારને તા. ૧૯/૦૨/૧૬ થી નોટીસ પાઠવવામાં આવેલ. જેનો અમલ મિલ્કતદાર ધ્વારા કરવામાં ન આવતા, અત્રેથી તા. ૨૯/૦૨/૧૬ ના રોજ મંજુર પ્લાન વિરુધ્ધ માર્જીન ના ભાગમાં કરવામાં આવેલ ગેરકાયદેસર બાંધકામ દુર કરવામાં આવેલ. ત્યારબાદ મિલ્કતદાર ધ્વારા ફરી મંજુર પ્લાન વિરુધ્ધનું બાંધકામ કરવામાં આવતા, અત્રેથી આજરોજ તા. ૧૯/૦૭/૧૬ ના રોજ પાંચમાં માળે આશરે ૩૦૦ ચો.ફુટ માપ વિસ્તારમાં કરવામાં આવેલ આર.સી.સી. સ્લેબ તથા માર્જીન ના ભાગમાં આશરે ૮૧૦ ચો.ફુટ માપ વિસ્તારમાં કરવામાં આવેલ આર.સી.સી. સ્લેબ તથા ચણતરની દિવાલો સહિતનું તેમજ ગ્રાઉન્ડ ફલોર પર પાર્કીંગના ભાગમાં આશરે ૨૫૦ ચો.ફુટ માપ વિસ્તારમાં ચણતરની દિવાલ દુર કરી પાર્કીંગ ખુલ્લું કરવા સહિતનું ગેરકાયદેસર બાંધકામ અત્રેથી તોડી દુર કરવામાં આવેલ છે. તથા વહીવટી ચાર્જ પેટે રૂા. ૩૫,૦૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

૭૬૦

# પ્રેસનોટ :–

"શાળામાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓમાં જાગૃતિ આવે અને મચ્છરજન્ય રોગોથી બચવાં સુરત મહાનગર પાલિકાની કામગીરીમાં સહભાગી બને તે હેતુસર રાખવામાં આવેલ વિવિધ સ્પર્ધા અંગેની અખબારી યાદી" : –

---

સુરત મહાનગર પાલિકા ના આરોગ્ય વિભાગ ના વી.બી.ડી.સી. વિભાગ દ્વારા મચ્છરજન્ય રોગો જેવાં કે " મેલેરિયા,ડેન્ગ્યુ,ચિકનગુનિયા,હાથીપગો" જેવાં રોગોના રોકથામ ની કામગીરી ઉપરાંત મચ્છરની ઉત્પત્તિના અટકાયતી પગલાં લેવા કરવામાં આવતી કામગીરીમાં જાહેરજનતા સહભાગી થાય તે હેતુસર પર્શ્ચિમઝોન હસ્તકની શાળામાં **<u>૫૭૫૩</u>** વિદ્યાર્થીઓને આરોગ્યલક્ષી શિક્ષણ પૂ@ પાડેલ છે. અને પોતાના રહેણાંક વિસ્તારમાં તેમજ આજુબાજુના રહીશોમાં પણ જાગૃતિ કેળવે તે હેતુસર તેઓને પ્રશંસિત કરવાના શુભઆશયથી અનુક્રમે"નિબંધ સ્પર્ધા",કિવઝ સ્પર્ધા",અને ચિત્રકામ સ્પર્ધા"નું આયોજન આજરોજ તા.૧૯/૦૭/૨૦૧૬ ના રોજ"ચિલ્ડ્રન હોલ,ગંગેશ્વર મહાદેવમંદિર સામે,અડાજણ" ખાતે રાખવામાં આવેલ.

સ્પર્ધામાં કુલ :– **<u>૪૦</u>** શાળાના કુલ :– **<u>૩૫૬</u>** વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધેલ છે.

આથી તમામ શાળાના આચાર્યશ્રી,શિક્ષકગણ,વાલીગણ,વિદ્યાર્થીમિત્રો સહિત જાહેરજનતાને અપીલ કરવામાં આવે છે કે મચ્છરજન્ય રોગોથી બચવા સુરત મહાનગરપાલિકાના ભગીરથ કાર્યમાં સહભાગી બનવા અનુરોધ કરવામાં આવે છે.

વધુમાં **"ઘર–આંગણાની સાફ–સફાઈ જરૂરી, પરંતુ,ટાંકી–કેરબાંની નિયમિત સાફ–સફાઈ અત્યંત જરૂરી"** સૂત્રને સફળ બનાવી "સુંદર સુરત,સ્વચ્છ સુરત, સ્વસ્થ સુરત, હરિયાળું સુરત" ના અભિયાનમાં યોગદાન આપવા જાહેર અપીલ કરવામાં આવે છે.








૭૬૧

# પ્રેસનોટ

# નોર્થ ઝોન (કતારગામ)

# સુરત મહાનગરપાલિકા

નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૧૮/૦૭/૨૦૧૬ ના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

આરોગ્ય વિભાગ દ્વારા ૨૮૪ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ. ૪૨ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા.૧,૦૦૦/– વસુલ લેવામાં આવેલ છે. ૬૧ ડ્રેનેજ ફરીયાદનો નિકાલ કરવામાં આવેલ છે. વી.બી.ડી.સી. વિભાગ દ્વારા ૧૦૭૪૬ ઘરનો સર્વે કરવામાં આવેલ. જે પૈકી ૫૫૯ વ્યકિતની સ્લાઈડ લેવામાં આવેલ છે. ઘરોના સર્વે દરમ્યાન ૪૯ જગ્યાએ માલુમ પડેલ બ્રિડીંગનો નાશ કરવામાં આવેલ છે. ૨૮ ઈસમોને નોટીસ આપવામાં આવેલ છે. તેમજ વહીવટી ખર્ચ પેટે રૂા.૨૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

આકારણી અને વસુલાત વિભાગ દ્વારા કુલ ૩૮૩૨ કરદાતાઓ પાસેથી રૂા.૨૪,૬૮,૦૩૪/– નો વેરો વસુલ કરવામાં આવેલ છે.

કતારગામ વિસ્તારમાં વ્યવસાયવેરા / ગુમાસ્તાધારામાં કુલ ૧૦૮ મિલ્કતોનું સર્વે કરવામાં આવેલ છે. વસુલાતની કામગીરી હેઠળ કુલ ઈ.સી.ની ૫૭ એન્ટ્રીમાં રૂા.૧,૦૯,૮૦૫/– અને આર.સી.ની ૫૧ એન્ટ્રીમાં રૂા.૨,૬૪,૨૭૨/– મળી કુલ રૂા.૩,૭૪,૦૭૭/– ની વસુલાત કરવામાં આવેલ છે.

ગુમાસ્તાધારા નવી નોંધણીની ૦૨ એન્ટ્રીમાં રૂા.૧૨૦/– રીન્યુઅલની ૧૫ એન્ટ્રીમાં રૂા.૮૭૦/– અને દંડની રકમની ૧૦ એન્ટ્રીમાં રૂા.૩૨૦૦/– ની વસુલાત કરવામાં આવેલ છે.

પાણી ખાતા ધ્વારા ૦૭ સ્થળ પર લીકેજ દુરસ્તીની કામગીરી કરેલ છે.

જમીન મિલ્કત વિભાગ દ્વારા EWS આવાસ વસુલાત રૂા.૯૪,૬૫૦/–,  દબાણ ચાર્જના રૂા.૩,૫૭૦/– તેમજ વહીવટી ચાર્જ રૂા.૧,૮૫૦/– મળી કુલ રૂા.૧,૦૦,૦૭૦/– ની વસુલાત કરવામાં આવેલ છે.

દબાણ ખાતા દ્વારા (૧) "૦" રોડ : મગનનગર રોડ તથા ડભોલી મેઈન રોડ બી.આર.ટી.એસ. દબાણ હટાવી ખુલ્લી લારી–૧૬ તથા અન્ય–૩૩ જપ્ત કરવામાં આવેલ છે. (૨) "અન્ય" રોડ : ડભોલી માર્કેટ દબાણ હટાવી ખુલ્લી લારી–૦૫ તથા અન્ય–૦૨ જપ્ત કરવામાં આવેલ છે.

૭૬૨

# –: પ્રેસનોટ :–

**<u>સાઉથ ઝોન (ઉધના)માં તા.૧૯/૦૭/૨૦૧૬ ના રોજ ડિમોલિશનની કામગીરી કરવામાં આવેલ જેની વિગત નીચે મુજબ છે.</u>**

સાઉથઝોન (ઉધના)માં નીચે મુજબના સ્થળોએ ડિમોલિશન કામગીરી કરવામાં આવેલ.

સાઉથ ઝોન (ઉધના) મોજે ઉધના, સાંઈલીલા ઈન્ડ., ફા.પ્લોટ નં.૯ થી ૧૩ ખાતે ૨૨૦ ચો.ફુટ આર.સી.સી. સ્લેબ તથા ૧૮૦ ચો.ફુટ મેશનરીનું ડીમોલીશન કરવામાં આવેલ તથા વહીવટી ચાર્જપેટે રૂા.૭૫,૦૦૦/–, ડીપોઝીટ પેટે રૂા.૭૫,૦૦૦/– તથા સી.ડી.વેસ્ટ ચાર્જ રૂા.૧૦,૦૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

સાઉથ ઝોન (ઉધના) મોજે ઉધના, સાંઈલીલા ઈન્ડ., ફા.પ્લોટ નં.૧૩ થી ૧૬ ખાતે ૬૨૫ ચો.ફુટ મેશનરીનું ડીમોલીશન કરવામાં આવેલ તથા વહીવટી ચાર્જપેટે રૂા.૭૫,૦૦૦/–, ડીપોઝીટ પેટે રૂા.૭૫,૦૦૦/– તથા સી.ડી.વેસ્ટ ચાર્જ રૂા.૧૦,૦૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

સાઉથ ઝોન (ઉધના) ટી.પી.૬૩ (વડોદ), ફા.પ્લોટ નં.૭૨, ઉમીયા ઈન્ડ. સોસા., પ્લોટ નં.૫ થી ૮ ખાતે ૫૦૦ ચો.ફુટ મેશનરી તથા ૫૦ ચો.ફુટ આર.સી.સી. સ્લેબનુ ડીમોલીશન કરવામાં આવેલ તથા વહીવટી ચાર્જ પેટે રૂા.૧,૦૦,૦૦૦/–, ડીપોઝીટ પેટે રૂા.૧,૦૦,૦૦૦/– તથા સી.ડી.વેસ્ટ ચાર્જ રૂા.૧૦,૦૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

ઉપરોકત કામગીરી ઉધના ઝોનના શહેર વિકાસના સ્ટાફ, દબાણ સ્ટાફ તથા સીકયુરીટી સ્ટાફ ઘ્વારા કરવામાં આવેલ છે.

૭૬૩

**પ્રેસનોટ**

**સાઉથઝોન(ઉધના)**

**સુરત મહાનગરપાલિકા**

**તા.૧૯.૦૭.૨૦૧૬ નાં રોજ** સાઉથઝોન(ઉધના) ના ઈજનેર વિભાગ ધ્વારા ગૃડા એકટ– ૨૦૧૧ અંતર્ગત કુલ : **૦૧** ફાઈલના **રૂ.૦.૨૫ લાખ** રૂપિયા વસુલ લેવામાં આવેલ છે., કુલ– **૦૪ લોકેશન (ખાડા) ૬૦.૦૦ ચો.મી.** પેચવર્કની કામગીરી કરી કુલ **૪.૦૦** મે.ટન ડામરનો ઉપયોગ લેવામાં આવેલ છે., **કુલ–૧૪** લોકેશન(ખાડા) **૫૨૦.૦૦ ચો.મી.** મેટલીગની કામગીરી કરવામાં આવેલ છે., **કુલ–૧૨** લોકેશન, **૨૬૭૦.૦૦ ચો.મી.** સ્ક્રેપીંગની કામગીરી કરવામાં આવેલ છે., તથા સાઉથ ઝોન (ઉધના) મોજે ઉધના, સાંઈલીલા ઈન્ડ., ફા.પ્લોટ નં.૯ થી ૧૩ ખાતે **૨૨૦ ચો.ફુટ આર.સી.સી. સ્લેબ** તથા **૧૮૦ ચો.ફુટ મેશનરી**નું ડીમોલીશન કરવામાં આવેલ તથા **વહીવટી ચાર્જપેટે રૂ.૭૫,૦૦૦/–, ડીપોઝીટ પેટે રૂ.૭૫,૦૦૦/– તથા સી.ડી.વેસ્ટ ચાર્જ રૂ.૧૦,૦૦૦/–** વસુલ લેવામાં આવેલ અને મોજે ઉધના, સાંઈલીલા ઈન્ડ., ફા.પ્લોટ નં.૧૩ થી ૧૬ ખાતે ૬૨૫ ચો.ફુટ મેશનરીનું ડીમોલીશન કરવામાં આવેલ તથા **વહીવટી ચાર્જપેટે રૂ.૭૫,૦૦૦/–, ડીપોઝીટ પેટે રૂ.૭૫,૦૦૦/– તથા સી.ડી.વેસ્ટ ચાર્જ રૂ.૧૦,૦૦૦/–** વસુલ લેવામાં આવેલ તથા ટી.પી.૬૩ (વડોદ), ફા.પ્લોટ નં.૭૨, ઉમીયા ઈન્ડ. સોસા., પ્લોટ નં.૫ થી ૮ ખાતે **૫૦૦ ચો.ફુટ મેશનરી** તથા **૫૦ ચો.ફુટ આર.સી.સી. સ્લેબ**નુ ડીમોલીશન કરવામાં આવેલ **વહીવટી ચાર્જ પેટે રૂ.૧,૦૦,૦૦૦/–, ડીપોઝીટ પેટે રૂ.૧,૦૦,૦૦૦/– તથા સી.ડી.વેસ્ટ ચાર્જ રૂ.૧૦,૦૦૦/–** વસુલ લેવામાં આવેલ તથા ડ્રેનેજ ના નવા કનેકશન કુલ : **૦૪** પાણીના નવા કનેકશન કુલ : **૦૫** આપવામાં આવેલ, તથા **આઈ.સી.નાં નાણાં** પેટે **રૂ.૦/–** વસુલ લેવામાં આવેલ, **આકારણી વિભાગ ધ્વારા** આવેલ કુલ અરજીઓની સંખ્યા **૧૪** છે., જેમાં નિકાલ કરવામાં આવેલ કુલ અરજીઓની સંખ્યા **: ૯૩** છે, પ્રોપર્ટી ટેક્ષની આવક **રૂ.૩૮.૮૪** લાખ થયેલ છે., તથા **વ્યવયાસ વેરા વિભાગ ધ્વારા** વ્યવસાય વેરાની આવક **રૂ.૩.૯૮** લાખ થયેલ છે., ૦૬ EC તથા ૦૪ RC નોંધાયેલ છે., નોંધણી ફી, રીન્યુ. ફી , ફેરફાર ફી તથા ડુપ્લીકેટ લાયસન્સ ફી પેટે કુલ **રૂ.૬૬૧/–** વસુલ કરવામાં આવેલ છે. વહીવટી ખર્ચ પેટે **રૂ.૧,૫૦૦/–** વસુલ લેવામાં આવેલ છે**., ૧૭** સંસ્થા રીન્યુ કરવામાં આવી તથા **૦** સંસ્થાની નવી નોંધણી કરવામાં આવેલ છે. તથા **આરોગ્ય વિભાગ ધ્વારા** સફાઈ કરેલ જીલ્લાની સંખ્યાઃ **૩૯૬** છે., ઉંચકાવેલ કન્ટેનરની સંખ્યાઃ **૧૧૦** છે., નિકાલ કરેલ સોલીડવેસ્ટ : **૨૧૦.૧૩૦** મે.ટન છે., આપવામાં આવેલ નોટીસ ની સંખ્યાઃ **૨૧** છે., વસુલ કરેલ વહીવટી ખર્ચ : **રૂ.૫૦૦/–** છે., તથા **વી.ડી.સી. વિભાગ ધ્વારા** કુલ : **૧૦૫૭૪** ઘર સર્વે કરવામાં આવેલ., કુલઃ **૨૫૭૨૧** બ્રિડીગ સ્પોટ ચેક કરવામાં આવેલ છે., મળી આવેલ બ્રિડીગની સંખ્યાઃ **૮૬** છે જે પૈકી તમામ બ્રિડીગનો નાશ કરાવવામાં આવેલ છે., કુલ સ્લાઈડ કલેકશનઃ **૯૨૦** કરવામાં આવેલ છે. જયારે **૩૨** નોટીસ આપવામાં આવેલ છે. તથા વહીવટી ખર્ચ પેટે **રૂ.૪,૪૦૦/–** વસુલ લેવામાં આવેલ છે.

## પ્રેસનોટ

## સાઉથઝોન(ઉધના)

## સુરત મહાનગરપાલિકા

**તા.૧૮.૦૭.૨૦૧૬ નાં રોજ** સાઉથઝોન(ઉધના) ના ઈજનેર વિભાગ ઘ્વારા ગૃડા એકટ–૨૦૧૧ અંતર્ગત કુલ : **૦૧** ફાઈલના **રૂા.૦.૦૪ લાખ** રૂપિયા વસુલ લેવામાં આવેલ છે., **કુલ–૧૧** લોકેશન(ખાડા) **૫૫૫.૦૦ ચો.મી.** મેટલીગની કામગીરી કરવામાં આવેલ છે., **કુલ–૧૧** લોકેશન, **૨૭૦૦.૦૦ ચો.મી.** સ્ક્રેપીગની કામગીરી કરવામાં આવેલ છે., તથા સાઉથ ઝોન (ઉધના) ટી.પી.૦૧(ઉધના– મજુરા), એફ.પી.નં.૫૪, સબ પ્લોટ નં.૩૩૧, ૩૩૨, ધર્મયુગ સોસાયટી, ઉધનામાં ૮૫૦ ચો.ફુટ આર.સી.સી. સ્લેબનું ડીમોલીશન કરવામાં આવેલ છે તથા વહીવટી ચાર્જપેટે રૂા.૫૦,૦૦૦/–, ડીપોઝીટ પેટે રૂા.૫૦,૦૦૦/– તથા સી.ડી.વેસ્ટ ચાર્જ રૂા.૨,૫૦૦/– વસુલ લેવામાં આવેલ તથા ડ્રેનેજ ના નવા કનેકશન કુલ : **૦૩** પાણીના નવા કનેકશન કુલ : **૦૪** આપવામાં આવેલ, તથા **આઈ.સી.નાં નાણાં** પેટે **રૂા.૦/–** વસુલ લેવામાં આવેલ, **આકારણી વિભાગ ઘ્વારા** આવેલ કુલ અરજીઓની સંખ્યા **૨૧** છે., જેમાં નિકાલ કરવામાં આવેલ કુલ અરજીઓની સંખ્યા **: ૧૩૬** છે, પ્રોપર્ટી ટેક્ષની આવક **રૂા.૨૫.૫૨** લાખ થયેલ છે., તથા **વ્યવયાસ વેરા વિભાગ ઘ્વારા** વ્યવસાય વેરાની આવક **રૂા.૫.૨૩** લાખ થયેલ છે., **૧૨** EC તથા ૦૭ RC નોંધાયેલ છે., નોંધણી ફી,રીન્યુ. ફી , ફેરફાર ફી તથા ડુપ્લીકેટ લાયસન્સ ફી પેટે કુલ **રૂા.૭૧૭/–** વસુલ કરવામાં આવેલ છે. વહીવટી ખર્ચ પેટે **રૂા.૧,૪૦૦/–** વસુલ લેવામાં આવેલ છે**., ૧૪** સંસ્થા રીન્યુ કરવામાં આવી તથા **૧૨** સંસ્થાની નવી નોંધણી કરવામાં આવેલ છે. તથા **આરોગ્ય વિભાગ ઘ્વારા** સફાઈ કરેલ જીલ્લાની સંખ્યાઃ **૩૯૦** છે., ઉંચકાવેલ કન્ટેનરની સંખ્યાઃ **૧૧૩** છે., નિકાલ કરેલ સોલીડવેસ્ટ : **૨૦૯.૧૩૦** મે.ટન છે., આપવામાં આવેલ નોટીસ ની સંખ્યાઃ **૨૧** છે., વસુલ કરેલ વહીવટી ખર્ચ : **રૂા.૦/–** છે., તથા **વી.ડી.સી. વિભાગ ઘ્વારા** કુલ : **૧૦૫૮૨** ઘર સર્વે કરવામાં આવેલ., કુલઃ **૨૪૫૬૧** બ્રિડીગ સ્પોટ ચેક કરવામાં આવેલ છે., મળી આવેલ બ્રિડીગની સંખ્યાઃ **૭૬** છે જે પૈકી તમામ બ્રિડીગનો નાશ કરાવવામાં આવેલ છે., કુલ સ્લાઈડ કલેકશનઃ **૯૬૨** કરવામાં આવેલ છે. જયારે **૪૪** નોટીસ આપવામાં આવેલ છે. તથા વહીવટી ખર્ચ પેટે **રૂા.૨૨,૪૦૦/–** વસુલ લેવામાં આવેલ છે.

# —: પ્રેસનોટ :—

**<u>સાઉથ ઝોન (ઉધના)માં તા.૧૮/૦૭/૨૦૧૬ ના રોજ ડિમોલિશનની કામગીરી કરવામાં આવેલ જેની વિગત નીચે મુજબ છે.</u>**

સાઉથઝોન (ઉધના)માં નીચે મુજબના સ્થળોએ ડિમોલિશન કામગીરી કરવામાં આવેલ.

સાઉથ ઝોન (ઉધના) ટી.પી.૦૧(ઉધના– મજુરા), એફ.પી.નં.૫૪, સબ પ્લોટ નં.૩૩૧, ૩૩૨, ધર્મયુગ સોસાયટી, ઉધનામાં ૮૫૦ ચો.ફુટ આર.સી.સી. સ્લેબનું ડીમોલીશન કરવામાં આવેલ છે તથા વહીવટી ચાર્જપેટે રૂ.૫૦,૦૦૦/–, ડીપોઝીટ પેટે રૂ.૫૦,૦૦૦/– તથા સી.ડી.વેસ્ટ ચાર્જ રૂ.૨,૫૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

ઉપરોક્ત કામગીરી ઉધના ઝોનના શહેર વિકાસના સ્ટાફ, દબાણ સ્ટાફ તથા સીક્યુરીટી સ્ટાફ ધ્વારા કરવામાં આવેલ છે.

# :: પ્રેસનોટ ::

## સુરત મહાનગરપાલિકા આયોજીત ગોરમાગીત સ્પર્ધા

ભારતીય લોકસંસ્કૃતિ અને વૈવિધ્ય સભર સાંસ્કૃતિક વિરાસતનું જતન કરવાના ભાગરૂપે સુરત મહાનગરપાલિકા દ્વારા અલુણાવ્રત ઉજવણી નિમિત્તે **ગોરમાગીત સ્પર્ધા** તા.૧૯/૦૭/૨૦૧૬ના રોજ સવારે ૧૧.૦૦ કલાકે પરફોર્મીંગ આર્ટ સેન્ટર, અડાજણ, સુરત ખાતે યોજવામાં આવી હતી. સુખ સમૃધ્ધમય પરણિત ભાવિની કલ્પનાને સાકાર કરવાના હેતુસર અને ભારતીય સંસ્કૃતિમાં બાલિકાઓ, કન્યાઓ અને મહિલાઓ માટે જ વિશેષરૂપે ઉજવાતા આ ઉત્સવની ઉજવણી અંતર્ગત યોજાયેલ ગોરમાગીત સ્પર્ધામાં શહેરની ખાનગી અને નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની શાળાઓ મળી ૪૫ પ્રાથમિક શાળાઓની બાળાઓએ ભારતીય પરંપરાગત વેશભૂષામાં સજ્જ થઈને ગોરમાંની આરાધના કરતાં ગીતો પૂરી તન્મયતાથી ગાયાં હતાં. જેને ઉપસ્થિત સૌએ ભાવસભર માણ્યાં હતાં. સ્પર્ધાને અંતે નીચે મુજબની શાળાઓ વિજેતા જાહેર થઈ હતી.

| વિજેતાનો ક્રમ | શાળાનું નામ |
|---|---|
| **પ્રથમ** | સંસ્કાર ભારતી વિદ્યાલય |
| **દ્વિતીય** | વનિતા વિશ્રામ શાળા |
| **તૃતીય** | શેઠશ્રી પી.એચ.બચકાનીવાલા વિદ્યામંદિર |
| **આશ્વાસન** | સદભાવના વિદ્યાલય |
| | કે. એસ. જોષી ઈંગ્લીશ ગર્લ્સ સ્કુલ |
| | શ્રીમતી કે.પી.ગાંધી જીવનભારતી કિશોરભવન |
| | શ્રી ખુદીરામ બોઝ ન.પ્રા. શાળા નં.૪૨ |
| | શ્રીમતી શિરીનબાઈ જે. લશ્કરી ગુ. હા. બોર્ડ |

ગોરમાગીત સ્પર્ધાના વિજેતાઓને સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષા શ્રીમતી રૂપલબેન શાહ, સાંસ્કૃતિક સમિતિ સભ્ય શ્રીમતી ઉજ્વલાબેન નિકમ તથા નિર્ણાયકશ્રીઓના હસ્તે ટ્રોફી તથા પ્રમાણપત્ર એનાયત કરી પુરસ્કૃત કરવામાં આવ્યા હતા. ભાગ લેનાર દરેક સ્પર્ધકોને સ્મૃતિભેટ આપવામાં આવી હતી. આ પ્રસંગે શિક્ષકો, વાલીઓ અને સંગીતપ્રેમી નગરજનોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી ગોરમાંના ગીતો માંણવા સાથે સ્પર્ધક બાળાઓને પ્રોત્સાહિત કર્યા હતા.

સુરત મહાનગપાલિકા દ્વારા તા.૨૦/૦૭/૨૦૧૬ના રોજ સવારે ૯.૦૦ કલાકે માધ્યમિક વિભાગની વર્ષાગીત સ્પર્ધા અને સવારે ૧૧.૦૦ કલાકે પ્રાથમિક વિભાગની વર્ષાગીત સ્પર્ધા પરફોર્મીંગ આર્ટ સેન્ટર, એલ.પી.સવાણી–ડૉ.વિક્રમભાઈ સારાભાઈ માર્ગ, અડાજણ, સુરત ખાતે યોજાનાર છે. જેમાં સમયસર ઉપસ્થિત રહેવા તમામ સ્પર્ધકોએ નોંધ લેવી તથા સ્પર્ધકોને પ્રોત્સાહિત કરવા જાહેર જનતાને નિમંત્રણ છે.




સુરત મહાનગરપાલિકા દ્વારા અણુવ્રત ઉજવણી નિમિત્તે તા.૧૯/૦૭/૨૦૧૬ના રોજ પરફોર્મીંગ આર્ટ સેન્ટર, સુરત ખાતે આયોજીત ગોરમાગીત સ્પર્ધા પ્રાથમિક વિભાગના વિદ્યાર્થીનીઓને પુરસ્કૃત કરતા સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષાશ્રીમતી રૂપલબેન શાહ, તથા અન્ય મહાનુભાવો દ્રશ્યમાન છે.

૭૬૭

# સુરત મહાનગરપાલિકા
# પશ્ચિમ ઝોન(રાંદેર)
## <u>પ્રેસનોટ</u>

પશ્ચિમ ઝોન(રાંદેર) વિસ્તારમાં **તા.૨૦/૦૭/૨૦૧૬ના રોજ** ઝુંપડાનું દબાણ તથા લારી ગલ્લાનું દબાણ દૂર કરવામાં આવેલ જેની વિગત આ મુજબ છે :–

**(૧) ટી.પી.સ્કીમ નં.૧૪(રાંદેર–અડાજણ), શંકર નગર સોસાયટીની પાછળ, વોર્ડ ઓફિસની બાજુમાં આવેલ ફા.પ્લોટ નં.૭૯, શોપીંગ કોમ્પલેક્ષના હેતુ માટેના રીઝર્વેશન પ્લોટમાં આવેલ આશરે ૨૫ જેટલા** ઝુંપડાઓનું આશરે–૨૫૦૦.૦૦ ચો.ફૂટ જેટલું દબાણ દૂર કરવામાં આવેલ છે.

**(૨) ટી.પી.સ્કીમ નં.૩૨(અડાજણ)માં હરીઓમ પેટ્રોલ પંપની ગલીમાં તથા ટી.પી.સ્કીમ નં.૧૪(પાલ)માં જાગનાથ મહાદેવની સામે** ટ્રાફિકને અડચણરૂપ દબાણ વારંવાર ઉપાડવા છતાં તેમજ સૂચનઓ આપવા છતાં દબાણ કરતાં હોવાથી અત્રેથી બંધ લારી નંગ–૧૨, ખુલ્લી લારી નંગ–૧ જપ્ત કરી દબાણ દૂર કરવામાં આવેલ છે.

સદર કામગીરી પશ્ચિમ ઝોન(રાંદેર)ના એડી. સીટી ઈજનેરશ્રીની સૂચનાથી તથા કાર્યપાલક ઈજનેરશ્રીના સીધા માર્ગદર્શન હેઠળ શહેર વિકાસ વિભાગ તથા દબાણ વિભાગ ધ્વારા કરવામાં આવેલ છે.

# <u>પ્રેસનોટ</u>

**પીડીયાટ્રીક ટીબી માટે સીબીનાટ લેબોરેટરી સ્મીમેર ખાતે વિનામૂલ્યે કાર્યરત પ્રાઈવેટ પીડીયાટ્રીશ્યન માટે FIND તથા મહાનગરપાલિકા ધ્વારા વર્કશોપ યોજાયો**

બાળકોમાં ટીબીનું નિદાન ખૂબ અઘરૂ તથા મુશ્કેલ હોય છે જેના લીધે ઘણીવાર ખૂબ મોડુ નિદાન થવાથી ગંભીર પ્રકારની પરિસ્થિતી ઉભી થતી હોય છે. રીવાઈઝડ નેશનલ ટીબી કંટ્રોલ પ્રોગ્રામ હેઠળ તથા FIND (Foundation of Innovative and New Diagnostics ) ધ્વારા ભારતમાં ફકત ૯ શહેરોમાં અધતન સીબીનાટ મશીન બાળકોમાં ટીબીનું નિદાન કરવા મુકવામાં આવેલ છે. જેમાં સુરત મહાનગરપાલિકા સંચાલિત રીવાઈઝડ નેશનલ ટીબી પ્રોગ્રામ નાં ગૌરવરૂપ આવુ મશીન સ્મીમેર ખાતે કાર્યરત કરવામાં આવેલ છે. જેમાં બાળકોમાં થતા ટીબીનું નિદાન ફકત બે કલાકમાં વિનામૂલ્યે કરવામાં આવે છે. સદર સીબીનાટ લેબોરેટરી સ્થાપીત કરવા લગભગ ૨૦ લાખ જેટલો ખર્ચ થાય છે જે તમામ ખર્ચ FIND ધ્વારા પૂરો પાડવામાં આવેલ છે.

સુરત શહેરમાં પ્રાઈવેટ પ્રેકટીસ કરતા પીડીયાટ્રીશ્યન પણ આવા નિદાનનો વિનામૂલ્યે લાભ લે તે અર્થે સાયન્સ સેન્ટર ખાતે સીબીનાટ લેબોરેટરી બાબતની વિસ્તૃત જાણકારી આપવા સીએમઈ પ્રોગ્રામ યોજવામાં આવેલ છે જેમાં સુરત પીડીયાટ્રીશ્યન એસોસીયેશનનાં તબીબો હાજર રહી જાણકારી મેળવશે તેમજ તેમનાં શંકાસ્પદ ટીબીનાં દર્દીઓને વિનામૂલ્યે સેવાનો લાભ આપવા આગળ આવશે. આવા ટેસ્ટ માટે પ્રાઈવેટ લેબોરેટરીમાં રૂા.૨૦૦૦ થી વધુ ખર્ચ થાય છે.

FIND નાં પ્રોજેકટ ઈન્ચાર્જ –ડો.નિરજ રાયઝાદા , એસો.પ્રોફેસર –ડો.પારૂલ વડગામા, સુરત પીડીયાટ્રીશ્યન એસો.નાં પ્રમુખ– ડો. હરીલાલ પટેલ તથા સીટી ટીબી ઓફીસર ડો.કે.એન.શેલડીયા ધ્વારા સમગ્ર પ્રોગ્રામનું સંકલન કરવામાં આવેલ છે.

**પ્રેસનોટ**

**નોર્થ ઝોન (કતારગામ)**

**સુરત મહાનગરપાલિકા**

નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૧૯/૦૭/૨૦૧૬ ના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

આરોગ્ય વિભાગ દ્વારા ૨૪૬ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ. ૨૯ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા.૨,૮૦૦/– વસુલ લેવામાં આવેલ છે. ૩૭ ડ્રેનેજ ફરીયાદનો નિકાલ કરવામાં આવેલ છે. વી.બી.ડી.સી. વિભાગ દ્વારા ૧૧૧૦૬ ઘરનો સર્વે કરવામાં આવેલ. જે પૈકી ૫૨૩ વ્યકિતની સ્લાઈડ લેવામાં આવેલ છે. ઘરોના સર્વે દરમ્યાન ૭૮ જગ્યાએ માલુમ પડેલ બ્રિડીંગનો નાશ કરવામાં આવેલ છે. ૩૭ ઈસમોને નોટીસ આપવામાં આવેલ છે. તેમજ વહીવટી ખર્ચ પેટે રૂા.૧૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

આકારણી અને વસુલાત વિભાગ દ્વારા કુલ ૩૪૨૦ કરદાતાઓ પાસેથી રૂા.૧,૦૧,૧૯,૨૬૩/– નો વેરો વસુલ કરવામાં આવેલ છે.

કતારગામ વિસ્તારમાં વ્યવસાયવેરા / ગુમાસ્તાધારામાં કુલ ૧૫૨ મિલ્કતોનું સર્વે કરવામાં આવેલ છે. વસુલાતની કામગીરી હેઠળ કુલ ઈ.સી.ની ૯૨ એન્ટ્રીમાં રૂા.૧,૯૧,૩૮૩/– અને આર.સી.ની ૬૦ એન્ટ્રીમાં રૂા.૩,૩૦,૧૦૯/– મળી કુલ રૂા.૫,૨૧,૪૯૨/– ની વસુલાત કરવામાં આવેલ છે.

ગુમાસ્તાધારા નવી નોંધણીની ૦૬ એન્ટ્રીમાં રૂા.૨૦૦/– રીન્યુઅલની ૧૦ એન્ટ્રીમાં રૂા.૬૦૦/– અને દંડની રકમની ૧૨ એન્ટ્રીમાં રૂા.૧૬૦૦/– ની વસુલાત કરવામાં આવેલ છે.

પાણી ખાતા ધ્વારા ૦૫ સ્થળ પર લીકેજ દુરસ્તીની કામગીરી કરેલ છે. નવા પાણી કનેકશન સંદર્ભે રૂા.૫,૧૦૦/– ચાર્જ વસુલ લીધેલ.

દબાણ ખાતા દ્વારા નવનાથના ખાડા પાસે ગેરકાયદેસર કોલમ–૦૫ જપ્ત કરવામાં આવેલ છે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા તરફથી સાદર
સમાચાર યાદી નં. ૭૬૯
તા.૨૦/૦૭/૨૦૧૬

# સુરત મહાનગરપાલિકા
## જાહેર આરોગ્ય વિભાગ
## સ્વચ્છ ભારત અભિયાન
### <u>પ્રેસનોટ</u>

ભારત સરકાર દ્વારા આગામી ૨ જી ઓકટોબર ૨૦૧૯ સુધી "સ્વચ્છ ભારત મિશન" અંતર્ગત સ્વચ્છ ભારત માટે વિવિધ સફાઈ અને આરોગ્યલક્ષી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે. જેને કારણે સમગ્ર ભારત અને શહેરો, ગામોનું સ્વચ્છતાનું સ્તર જળવાઈ રહે.

તા.૩૦/૦૭/૧૬ના રોજ "વર્લ્ડ ફ્રેન્ડશીપ ડે" નિમિત્તે તા.૧૬/૦૭/૧૬ થી તા.૩૧/૦૭/૧૬ દરમ્યાન ઝોન વિસ્તારમાં આવેલ વોક–વે/હાઉસીંગ સોસાયટીઓમાં નાગરીકોના સહયોગથી "સ્વચ્છ અને સ્વસ્થ ભારત"ની સંયુકત સફાઈ ઝુંબેશનું આયોજન કરવા જણાવેલ છે.

જે અંતર્ગત તા.૧૮/૦૭/૧૬ના રોજ ઝોન/વોર્ડ વિસ્તારમાં પ્રભાતફેરીનું આયોજન તથા વોક–વે/હાઉસીંગ સોસાયટીઓમાં નાગરીકોના સહયોગથી ઘનિષ્ઠ સફાઈ ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી.

| ઝોન | સફાઈ કરેલ વોક–વેની સંખ્યા | પ્રભાતફેરીનું આયોજન કરેલ વિસ્તાર/રોડની સંખ્યા | પ્રભાતફેરીમાં સહભાગી બનનારની સંખ્યા | | | સફાઈ કરવામાં આવેલ સોસાયટીની સંખ્યા | સફાઈ દરમ્યાન સહભાગી નાગરીકોની સંખ્યા | સુપરવાઈઝર સ્ટાફ | નિકાલ કરેલ કચરો (મે. ટન) |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | મ્યુ.સભ્યશ્રીઓ /NGO | વિદ્યાર્થીઓ | નાગરિકો | | | | |
| વરાછાઝોન | 6 | 1 | 15 | – | 24 | – | – | 6 | 0.756 |
| ઉધના ઝોન | – | 4 | 11 | 40 | 23 | 8 | 25 | 4 | 0.985 |
| રાંદેરઝોન | – | 2 | 12 | 18 | 26 | 10 | 27 | 4 | 0.441 |
| લિંબાયતઝોન | – | 3 | 15 | 105 | 45 | 9 | 122 | 3 | 0.702 |
| સેન્ટ્રલઝોન | 2 | 2 | 12 | 135 | 59 | 10 | 271 | 5 | 0.256 |
| કતારગામઝોન | 3 | 3 | 10 | 55 | 28 | – | – | 6 | 0.400 |
| અઠવાઝોન | 2 | 2 | 7 | 30 | 30 | – | – | 3 | 0.300 |
| ટોટલ | 13 | 17 | 82 | 383 | 235 | 37 | 445 | 31 | 3.840 |

વધુમાં નાગરીકોના સહયોગથી આજુ બાજુના વિસ્તારની ઘનિષ્ઠ સફાઈની કામગીરી કરવામાં આવેલ હતી. તેમજ સોસાયટીના નાગરીકોને આરોગ્યલક્ષી શિક્ષણ અને સમજ આપવામાં આવેલ હતું.

**"સ્વચ્છ ભારત મિશન"** અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર જનતા માટે @SwachhSurat એકાઉન્ટ twitter પર શરૂ કરવામાં આવેલ છે તેમજ જાહેર જનતા માટે તાવ અંગેની માહિતી મેળવવા ૧૦૪ હેલ્પલાઈન શરૂ કરવામાં આવેલ છે. જેનો જાહેર જનતાને ઉપયોગ કરવા જણાવવામાં આવેલ છે.

::::::::::::::::::::::::::::::

સમાચાર યાદી નં. 770

તા.૨૦/૦૭/૨૦૧૬

સુરત મહાનગરપાલિકા તરફથી સાદર

૭૭૧

## –: પ્રેસનોટ :–

**<u>સાઉથ ઝોન (ઉધના)માં તા.૨૦/૦૭/૨૦૧૬ ના રોજ ડિમોલિશનની કામગીરી કરવામાં આવેલ જેની વિગત નીચે મુજબ છે.</u>**

સાઉથઝોન (ઉધના)માં નીચે મુજબના સ્થળોએ ડિમોલિશન કામગીરી કરવામાં આવેલ.

સાઉથ ઝોન (ઉધના) માં ટી.પી.૫૮ (બમરોલી) બ્લોક નં.૧૫૧, ફા.પ્લોટ નં.૫૨ એ/બી, પ્લોટ નં.૩ અને ૪ શુભલક્ષ્મી સ્વસ્તિક સોસાયટીમાં ૧૦૦૦ ચો.ફુટ આર.સી.સી. સ્લેબ તથા ૨૫૦૦ ચો.ફુટ મેશનરીનું ડીમોલીશન કરવામાં આવેલ છે.

ઉપરોકત કામગીરી ઉધના ઝોનના શહેર વિકાસના સ્ટાફ, દબાણ સ્ટાફ તથા સીકયુરીટી સ્ટાફ ધ્વારા કરવામાં આવેલ છે.

**પ્રેસનોટ**

**સાઉથઝોન(ઉધના)**

**સુરત મહાનગરપાલિકા**

**તા.૨૦.૦૭.૨૦૧૬ નાં રોજ** સાઉથઝોન(ઉધના) ના ઈજનેર વિભાગ ધ્વારા ગૃડા એકટ–૨૦૧૧ અંતર્ગત કુલ : **૦૨** ફાઈલના **રૂા.૦.૦૬ લાખ** રૂપિયા વસુલ લેવામાં આવેલ છે., કુલ– **૧૩ લોકેશન (ખાડા) ૩૭૦.૦૦ ચો.મી.** પેચવર્કની કામગીરી કરી કુલ **૨૪.૬૭** મે.ટન ડામરનો ઉપયોગ લેવામાં આવેલ છે., **કુલ–૧૩** લોકેશન(ખાડા) **૪૦૦.૦૦ ચો.મી.** મેટલીંગની કામગીરી કરવામાં આવેલ છે., **કુલ–૧૭** લોકેશન, **૨૮૫૦.૦૦ ચો.મી.** સ્ક્રેપીંગની કામગીરી કરવામાં આવેલ છે., તથા સાઉથ ઝોન (ઉધના) માં ટી.પી.૫૮ (બમરોલી) બ્લોક નં.૧૫૧, ફા.પ્લોટ નં.૫૨ એ/બી, પ્લોટ નં.૩ અને ૪ શુભલક્ષ્મી સ્વસ્તિક સોસાયટીમાં **૧૦૦૦ ચો.ફુટ આર.સી.સી. સ્લેબ** તથા **૨૫૦૦ ચો.ફુટ મેશનરી**નું ડીમોલીશન કરવામાં આવેલ તથા ડ્રેનેજ ના નવા કનેકશન કુલ : ૦૩ પાણીના નવા કનેકશન કુલ : **૦૫** આપવામાં આવેલ, તથા **આઈ.સી.નાં નાણાં** પેટે **રૂા.**૦/– વસુલ લેવામાં આવેલ, **આકારણી વિભાગ ધ્વારા** આવેલ કુલ અરજીઓની સંખ્યા **૫૩** છે., જેમાં નિકાલ કરવામાં આવેલ કુલ અરજીઓની સંખ્યા **: ૨૧૭** છે, પ્રોપર્ટી ટેક્ષની આવક **રૂા.૨૮.૭૧** લાખ થયેલ છે., તથા **વ્યવયાસ વેરા વિભાગ ધ્વારા** વ્યવસાય વેરાની આવક **રૂા.**૪.૪૬ લાખ થયેલ છે., **૧૧** EC તથા ૦૪ RC નોંધાયેલ છે., નોંધણી ફી, રીન્યુ. ફી , ફેરફાર ફી તથા ડુપ્લીકેટ લાયસન્સ ફી પેટે કુલ **રૂા.૧૦૯૩/–** વસુલ કરવામાં આવેલ છે. વહીવટી ખર્ચ પેટે **રૂા.૧,૪૦૦/–** વસુલ લેવામાં આવેલ છે**.**, **૧૬** સંસ્થા રીન્યુ કરવામાં આવી તથા **૧૨** સંસ્થાની નવી નોંધણી કરવામાં આવેલ છે. તથા **આરોગ્ય વિભાગ ધ્વારા** સફાઈ કરેલ જીલ્લાની સંખ્યાઃ **૩૯૫** છે., ઉંચકાવેલ કન્ટેનરની સંખ્યાઃ **૧૧૧** છે., નિકાલ કરેલ સોલીડવેસ્ટ : **૨૦૬.૧૪૦** મે.ટન છે., આપવામાં આવેલ નોટીસ ની સંખ્યાઃ **૨૧** છે., વસુલ કરેલ વહીવટી ખર્ચ : **રૂા.૭૫૦/–** છે., તથા **વી.ડી.સી. વિભાગ ધ્વારા** કુલ : **૧૩૬૧૮** ઘર સર્વે કરવામાં આવેલ., કુલઃ **૨૭૪૨૬** બ્રિડીગ સ્પોટ ચેક કરવામાં આવેલ છે., મળી આવેલ બ્રિડીગની સંખ્યાઃ **૮૫** છે જે પૈકી તમામ બ્રિડીગનો નાશ કરાવવામાં આવેલ છે., કુલ સ્લાઈડ કલેકશનઃ **૧૦૯૯** કરવામાં આવેલ છે. જયારે **૩૧** નોટીસ આપવામાં આવેલ છે. તથા વહીવટી ખર્ચ પેટે **રૂા.૨,૩૦૦/–** વસુલ લેવામાં આવેલ છે.

# :: પ્રેસનોટ ::

## "<u>સુરત મહાનગરપાલિકા આયોજીત વર્ષાગીત સ્પર્ધા</u>"

ભારતીય લોકસંસ્કૃતિ અને વૈવિધ્યસભર સાંસ્કૃતિક વિરાસતના જતન કરવાના ભાગરૂપે સુરત મહાનગરપાલિકા દ્વારા વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. ભારત જેવા કૃષિપ્રધાન દેશમાં વરસાદની મહત્તાને ઉજાગર કરવા **તા.૨૦/૦૭/૨૦૧૬**ને બુધવારના રોજ સવારે ૯.૦૦ કલાકે **માધ્યમિક વિભાગ**ની **વર્ષાગીત સ્પર્ધા પરફોર્મીંગ આર્ટ સેન્ટર, એલ.પી.સવાણી રોડ, અડાજણ, સુરત** ખાતે યોજવામાં આવી હતી. આ સ્પર્ધામાં શહેરની શાળાઓના બાળકોએ પૂરી તન્મયતાથી વર્ષાગીતો ગાયાં હતાં. સ્પર્ધાનું પરિણામ નીચે મુજબ જાહેર થયું હતું. ત્યારબાદ પ્રાથમિક વિભાગની વર્ષાગીત સ્પર્ધા યોજવામાં આવેલ.

| વિજેતા ક્રમ | માધ્યમિક વિભાગ |
|---|---|
| **પ્રથમ** | શારદાયતન સ્કુલ |
| **દ્વિતીય** | પી. પી. સવાણી વિદ્યાભવન |
| **તૃતીય** | સંસ્કારભારતી વિદ્યાલય |
| **આશ્વાસન વિજેતા** | સાધના વિદ્યાભવન |
| | સદભાવના વિદ્યાલય |

વર્ષાગીત સ્પર્ધાના વિજેતાઓને સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષા શ્રીમતી રૂપલબેન શાહ, ગટર સમિતિના અધ્યક્ષા શ્રીમતી સુધાબેન નાહતા, સાંસ્કૃતિક સમિતિ સભ્યશ્રીઓ તથા નિર્ણાયકશ્રીઓના હસ્તે ટ્રોફી તથા પ્રમાણપત્ર એનાયત કરી પુરસ્કૃત કરવામાં આવ્યા હતા. સ્પર્ધામાં ભાગ લેનાર તમામ સ્પર્ધકોને સ્મૃતિભેટ આપવામાં આવી હતી. આ પ્રસંગે શિક્ષકો, વાલીઓ અને વિદ્યાર્થીઓ તથા પ્રેસ મીડિયાના પ્રતિનિધિઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી વર્ષાગીતો માણ્યાં હતાં.






સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૨૦/૦૭/૨૦૧૬ના રોજ પરફોર્મીંગ આર્ટ સેન્ટર, સુરત ખાતે આયોજીત વર્ષાગીત સ્પર્ધાના વિજેતાઓને પુરસ્કૃત કરતા સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષાશ્રીમતી રૂપલબેન શાહ, અન્ય મહાનુભાવો તથા વર્ષાગીત સ્પર્ધામાં ભાગ લઈ રહેલ ગાયકવૃંદ દ્રશ્યમાન છે.

# સુરત મહાનગરપાલિકા
## જાહેર આરોગ્ય વિભાગ
## સ્વચ્છ ભારત અભિયાન
### પ્રેસનોટ

ભારત સરકાર દ્વારા આગામી ૨ જી ઓકટોબર ૨૦૧૯ સુધી "સ્વચ્છ ભારત મિશન" અંતર્ગત સ્વચ્છ ભારત માટે વિવિધ સફાઈ અને આરોગ્યલક્ષી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે. જેને કારણે સમગ્ર ભારત અને શહેરો, ગામોનું સ્વચ્છતાનું સ્તર જળવાઈ રહે.

તા.૩૦/૦૭/૧૬ના રોજ "વર્લ્ડ ફ્રેન્ડશીપ ડે" નિમિત્તે તા.૧૬/૦૭/૧૬ થી તા.૩૧/૦૭/૧૬ દરમ્યાન ઝોન વિસ્તારમાં આવેલ સિનિયર સીટીઝન તથા નાગરિકોના સહયોગથી સંયુકત રીતે શાંતિકુંજમાં "સ્વચ્છ અને સ્વસ્થ ભારત"ની સંયુકત સફાઈ ઝુંબેશનું આયોજન કરવા જણાવેલ છે.

જે અંતર્ગત તા.૧૯/૦૭/૧૬ના રોજ ઝોન/વોર્ડ વિસ્તારમાં આવેલ સિનિયર સીટીઝન તથા નાગરિકોના સહયોગથી સંયુકત રીતે શાંતિકુંજ બાગમાં ધનિષ્ઠ સફાઈ ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી.

| ઝોન | શાંતિકુંજની સંખ્યા | સફાઈ અભિયાનમાં ભાગ લેનાર સીનીયર સીટીઝન/નાગરીકોની સંખ્યા | સુપરવાઈઝર સ્ટાફ | કામદારની સંખ્યા | નિકાલ કરેલ કચરો (મે. ટન) |
|---|---|---|---|---|---|
| વરાછાઝોન | 6 | 34 | 6 | 12 | 0.212 |
| ઉધના ઝોન | 7 | 114 | 7 | 21 | 0.900 |
| રાંદેરઝોન | 9 | 54 | 5 | 18 | 0.712 |
| લિંબાયતઝોન | 6 | 74 | 6 | 23 | 0.845 |
| સેન્ટ્રલઝોન | 3 | 58 | 3 | 12 | 0.650 |
| કતારગામઝોન | 6 | 78 | 6 | 24 | 0.500 |
| અઠવાઝોન | 4 | 27 | 4 | 26 | 0.322 |
| ટોટલ | 41 | 439 | 37 | 136 | 4.141 |

વધુમાં સિનિયર સીટીઝન તેમજ નાગરીકોના સહયોગથી આજુ બાજુના વિસ્તારની ધનિષ્ઠ સફાઈની કામગીરી કરવામાં આવેલ હતી. તેમજ આરોગ્યલક્ષી શિક્ષણ અને સમજ આપવામાં આવેલ હતું.

**"સ્વચ્છ ભારત મિશન"** અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર જનતા માટે @SwachhSurat એકાઉન્ટ twitter પર શરૂ કરવામાં આવેલ છે તેમજ જાહેર જનતા માટે તાવ અંગેની માહિતી મેળવવા ૧૦૪ હેલ્પલાઈન શરૂ કરવામાં આવેલ છે. જેનો જાહેર જનતાને ઉપયોગ કરવા જણાવવામાં આવેલ છે.

::::::::::::::::::::::::::::::

સમાચાર યાદી નં. 774 : 33
તા.૨૦/૦૭/૨૦૧૬
સુરત મહાનગરપાલિકા તરફથી સાદર

# પ્રેસનોટ

મા.કમિશ્નરશ્રી સુરત મહાનગરપાલિકાના આદેશથી તથા ડે.કમિશનરશ્રી (હેલ્થ અને હોસ્પિ.) તથા આરોગ્ય અધિકારીશ્રીના માર્ગદર્શન હેઠળ વરાછા ઝોનના વિવિધ વોર્ડ વિસ્તારમાં આરોગ્ય વિભાગ દ્વારા આરોગ્યલક્ષી સ્કવોડ તેમજ પ્રતિબંધિત પ્લાસ્ટિકનું વેચાણ કરતા ઈસમો સામે કરવામાં આવેલ કામગીરીનું આયોજન કરવામાં આવેલ છે. જે અંતર્ગત તા.૧૧/૦૭/૨૦૧૬ થી આજદિન સુધી ખાણી–પીણીની લારીઓ, પાણીપુરીની રેકડી વિગેરેનું સઘન ચેકીંગ કરી ૬૦૩ સંસ્થાઓ ચેક કરી ૧૭૮ ક્રિ.ગ્રા. અખાદ્ય ખોરાકનો નાશ કરવામાં આવેલ તેમજ ૪૪૮ ઈસમો પાસેથી રૂા.૫૯,૭૦૦/– (અંકે રૂપિયા ઓગણસાઈઠ હજાર સાતસો પૂરા) વહિવટી ખર્ચ પેટે વસુલ કરવામાં આવેલ છે.

ઉપરાંત તા.૨૦/૦૭/૨૦૧૬ ના રોજ પ્રતિબંધિત પ્લાસ્ટિકનું વેચાણ કરતા કુલ ૭૨ સંસ્થા ચેક કરી પ્લાસ્ટિક ચા ના કપ નંગ ૭૫૦ (વજન ૮૫૦ ગ્રામ ) પાન–માવાના કાગળ ૫.૫ કિ.ગ્રા., પ્રતિબંધિત કોથળી ૭૫ કિ.ગ્રા. જપ્ત કરવામાં આવેલ છે. સમગ્ર અભિયાન દરમિયાન આરોગ્ય વિભાગ દ્વારા ૦૭ ઈસમોને નોટીસ આપી ૪૯ ઈસમો પાસેથી રૂા. ૧૪,૨૦૦/– (અંકે રૂપિયા ચૌદ હજાર બસો પૂરા) વહીવટી ખર્ચ વસુલ કરવાની કામગીરી કરવામાં આવેલ છે. વધુમાં જપ્ત કરેલ તમામ પ્લાસ્ટિક વેસ્ટનો જથ્થો સુરત મહાનગરપાલિકા દ્વારા નકકી કરવામાં આવેલ એજન્સીને યોગ્ય નિકાલ અર્થે આપવામાં આવશે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા તરફથી સાદર
સમાચાર યાદી નં........775
તા. ૨૦/૦૭/૨૦૧૬

૭૭૬

# <u>પ્રેસનોટ</u>

## સુરત મહાનગરપાલિકા આયોજિતવિના મૂલ્યે આરોગ્યનિદાન / સારવાર કેમ્પ.

ચોમાસાનીઋતુ દરમ્યાન રોગચાળો થવાની શકયતા વધુ રહે છે.જેથી શહેરી જનોનું આરોગ્ય જળવાઈ રહે તે હેતુસર સુરત મહાનગરપાલિકા મારફતે સને ૨૦૦૭થી દર વર્ષે જુદા–જુદા ઝોનવિસ્તારમાં વિના મૂલ્યે આરોગ્યનિદાન / સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવે છે.આમ ૨૦૦૭થી ૨૦૧૫દરમ્યાન કુલ ૧૨૨ મેડીકલ કેમ્પો તેમજ ચાલુ વર્ષ ૨૦૧૬ માં ૩(ત્રણ)મેડીકલ કેમ્પ મળી કુલ ૧૨૫ મેડીકલ કેમ્પો હાથ ધરવામાં આવ્યા છે.જેમાં જાહેરજનતા તરફથી સારોએવો પ્રતિસાદ મળ્યો હતો.

ચાલુ વર્ષ ૨૦૧૬નો ચોથોમેડીકલ કેમ્પતા.૨૩/૦૭/૨૦૧૬ને શનિવારનાં રોજ **કરંજ શહેરી આરોગ્ય કેન્દ્ર, રચના સોસાયટી પાસે, કાપોદ્રા, સુરત.**ખાતે વિના મૂલ્યે આરોગ્યનિદાન / સારવાર કેમ્પ હાથ ધરવામાં આવનાર છે.જેમાં સ્મીમેર હોસ્પિટલનાં બાળરોગ, સ્ત્રીરોગ, આંખ, ચામડીનાં રોગનાં નિષ્ણાંત, ફિઝીશ્યન તથા સર્જન દ્વારા દર્દીઓનું નિદાન કરી સારવાર આપવામાં આવશેતેમજ જરૂરીયાતમંદ દર્દીઓને વધુ સારવાર અર્થે સ્મીમેર / મસ્કતિ / નવી સિવીલ હોસ્પિટલ ખાતે રીફર કરવામાં આવશે.

તદ ઉપરાંત આરોગ્ય ખાતાનાં જુદા–જુદા વિભાગોદ્વારા રસીકરણ, કુટુંબ કલ્યાણ, ટીબી, એચઆઈવી તેમજ પાણીજન્ય અને પાણી સંલગ્ન રોગ,ફાઈલેરીયા,મેલેરીયા રોગ અંગેની જાણકારી તથા તેની કામગીરીનાં પ્રદર્શન દ્વારાઆરોગ્ય શિક્ષણતેમજ સરકારશ્રીની આરોગ્યલક્ષી યોજનાનું માર્ગદર્શન આપવામાં આવશે.

આ કેમ્પમાં નવજાત શિશુથી સગર્ભા માતા સુધી તમામ લાભાર્થીને શીડયુઅલ મુજબ રસીકરણ કરવામાં આવશે.

જેથી આ કેમ્પમાં આ વિસ્તારનાં નાગરિકોને મોટી સંખ્યામાં લાભ લેવા આરોગ્યવિભાગ તરફથી વિનંતી કરવામાં આવે છે.

**પ્રેસનોટ**

**નોર્થ ઝોન (કતારગામ)**

**સુરત મહાનગરપાલિકા**

નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૨૦/૦૭/૨૦૧૬ ના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

આરોગ્ય વિભાગ દ્વારા ૨૫૦ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ. ૪૦ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ચાર્જ પેટે રૂ.૩,૫૦૦/– વસુલ લેવામાં આવેલ છે. ૫૨ ડ્રેનેજ ફરીયાદનો નિકાલ કરવામાં આવેલ છે. વી.બી.ડી.સી. વિભાગ દ્વારા ૧૦૨૮૭ ઘરનો સર્વે કરવામાં આવેલ. જે પૈકી ૫૮૬ વ્યકિતની સ્લાઈડ લેવામાં આવેલ છે. ઘરોના સર્વે દરમ્યાન ૮૨ જગ્યાએ માલુમ પડેલ બ્રિડીંગનો નાશ કરવામાં આવેલ છે. ૪૯ ઈસમોને નોટીસ આપવામાં આવેલ છે. તેમજ વહીવટી ખર્ચ પેટે રૂ.૩૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

આકારણી અને વસુલાત વિભાગ દ્વારા કુલ ૩૧૪૨ કરદાતાઓ પાસેથી રૂ.૯૦,૬૦,૪૫૩/– નો વેરો વસુલ કરવામાં આવેલ છે.

કતારગામ વિસ્તારમાં વ્યવસાયવેરા / ગુમાસ્તાધારામાં કુલ ૨૦૪ મિલ્કતોનું સર્વે કરવામાં આવેલ છે. વસુલાતની કામગીરી હેઠળ કુલ ઈ.સી.ની ૧૦૯ એન્ટ્રીમાં રૂ.૨,૫૬,૮૧૦/– અને આર.સી.ની ૯૫ એન્ટ્રીમાં રૂ.૩,૨૭,૫૦૯/– મળી કુલ રૂ.૫,૮૪,૩૧૯/– ની વસુલાત કરવામાં આવેલ છે.

ગુમાસ્તાધારા નવી નોંધણીની ૦૩ એન્ટ્રીમાં રૂ.૧૦૦/– રીન્યુઅલની ૧૮ એન્ટ્રીમાં રૂ.૧૦૪૦/– અને દંડની રકમની ૧૪ એન્ટ્રીમાં રૂ.૨૮૦૦/– ની વસુલાત કરવામાં આવેલ છે.

પાણી ખાતા ધ્વારા ૦૬ સ્થળ પર લીકેજ દુરસ્તીની કામગીરી કરેલ છે. નવા પાણી કનેકશન સંદર્ભે રૂ.૫,૨૦૦/– ચાર્જ વસુલ લીધેલ.

દબાણ ખાતા દ્વારા "૦" રોડ : નારાયણનગર ચાર રસ્તા, કતારગામ મેઈન રોડ તથા લેક ગાર્ડન પાસેતી દબાણ હટાવી ખુલ્લી લારી–૦૬, બંધ લારી–૦૮ તથા અન્ય–૦૮ જપ્ત કરવામાં આવેલ છે. (૨) "અન્ય" રોડ : કંતારેશ્વર મંદિર પાસેથી દબાણ હટાવી ખુલ્લી લારી–૦૩ તથા છાબ–૦૨ જપ્ત કરવામાં આવેલ છે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા તરફથી સાદર
સમાચાર યાદી નં. 777
તા.૨૧/૦૭/૨૦૧૬

૭૭૮

# પૂર્વ (વરાછા) ઝોનની અખબારી યાદી

**તા.૨૧/૦૭/૨૦૧૬**

## પૂર્વ(વરાછા)ઝોનના અલગ અલગ વિસ્તારમાં ડિમોલીશન/ દબાણની કામગીરી બાબત.

(૧) ટી.પી. સ્કીમ નં.૧૬(કપાદ્રા) ના ફા.પ્લોટ નં.૨૩ પૈકીમાં આવેલ કમલબાગ સોસાયટીના સબ પ્લોટ નં.૧૪૧/૧૪૨ માં પૂર્વ મંજુરી વગર શરૂ કરેલ પ્રથમ + બીજા માળના બાંધકામ અન્વયે ભોંયતળિયાના ભાગે આશરે ૨૦૦.૦૦ ચો.ફુટના માપ વિસ્તારમાં ચણતરનું તથા પ્રથમ માળે આશરે ૧૫૦.૦૦ ચો.ફુટના માપ વિસ્તારમાં આર.સી.સી. સ્લેબનું ડિમોલીશન કરવામાં આવેલ તથા સ્થળ પરથી માલસામાન જપ્ત કરવામાં આવ્યો.

(૨) ટી.પી. સ્કીમ નં.૪(અશ્વનીકુમાર–નવાગામ) ના ફા.પ્લોટ નં. ૧૪ પૈકીમાં ભવાનીજંકશન નજીક અનઅધિકૃત મોટરકાર ગેરેજ તથા ધંધાકીય હેતુસરના સ્ટીલ ફેબ્રીકેશનના ગોડાઉનના ડિમોલીશનની કાર્યવાહી અંતર્ગત આશરે ૭૦૦.૦૦ ચો.ફુટના માપ વિસ્તારનું બાંધકામ તોડીને દુર કરવામાં આવેલ.

ઉકત મિલકતદારો તરફેથી બાંહેધરીપત્રો મેળવી ડિમોલીશન ચાર્જ પેટે કુલ રૂા.૩૫,૦૦૦/– ની રકમ વસુલવામાં આવેલ.

ઉપરાંત વરાછા ઝોન ધ્વારા મોટા પાયે દબાણ હટાવ ઝુંબેશ હાથ ધરી વૈશાલી સિનેમા રોડ થી ફુલ માર્કેટના રૂટ પર તથા પુણા ખાતે મહાલક્ષ્મી સોસાયટી, સિલ્વર ચોક વિસ્તારને આવરી કુલ ૭૦(સિત્તેર) જેટલા લારી–ગલ્લાઓ જપ્ત કરી રસ્તા તથા ફુટપાથ પરના દબાણો દુર કરવામાં આવેલ. તેમજ આગામી દિવસોમાં રસ્તા, પાર્કીંગ તેમજ ફુટપાથના ભાગોમાં થયેલ સ્ટી ફેબ્રીકેશન શેડ, ઓટલા, અસ્થાયી કાચા પાકા બાંધકામો તોડવા અંગેની ઘનિષ્ઠ ઝુંબેશ સમગ્ર વરાછા ઝોન વિસ્તારમાં અગ્રિમતાના ધોરણે હાથ ધરાનાર છે.

૭૭૯

**પ્રેસનોટ**

**સાઉથઝોન(ઉધના)**

**સુરત મહાનગરપાલિકા**

**તા.૨૧.૦૭.૨૦૧૬ નાં રોજ** સાઉથઝોન(ઉધના) ના ઈજનેર વિભાગ ઘ્વારા ગૃડા એકટ–૨૦૧૧ અંતર્ગત કુલ : ૦૯ ફાઈલના **રૂા.૧.૩૦ લાખ** રૂપિયા વસુલ લેવામાં આવેલ છે., કુલ– **૦૭ લોકેશન (ખાડા) ૬૧૦.૦૦ ચો.મી.** પેચવર્કની કામગીરી કરી કુલ **૪૦.૭૦** મે.ટન ડામરનો ઉપયોગ લેવામાં આવેલ છે., **કુલ–૧૧** લોકેશન(ખાડા) **૨૭૦.૦૦ ચો.મી.** મેટલીગની કામગીરી કરવામાં આવેલ છે., **કુલ–૧૧** લોકેશન, **૨૭૫૦.૦૦ ચો.મી.** સ્ક્રેપીગની કામગીરી કરવામાં આવેલ છે., તથા સાઉથ ઝોન (ઉધના) માં ટી.પી.૧ (ઉધના–મજુરા) ફા.પ્લોટ નં.૫૩, સબ પ્લોટ નં. ૨૧, હરિનગર–૧ ખાતે **૫૫૦ ચો.ફુટ આર.સી.સી. સ્લેબ** તથા **૬૦૦ ચો.ફુટ મેશનરી**નું ડીમોલીશન કરવામાં આવેલ તથા **વહીવટી ચાર્જપેટે રૂા.૬૦,૦૦૦/–, ડીપોઝીટ પેટે રૂા.૬૦,૦૦૦/– તથા સી.ડી.વેસ્ટ ચાર્જ રૂા.૧૦,૦૦૦/–** વસુલ લેવામાં આવેલ તથા ડ્રેનેજ ના નવા કનેકશન કુલ : **૦૩** પાણીના નવા કનેકશન કુલ : **૦૪** આપવામાં આવેલ, તથા **આઈ.સી.નાં નાણાં** પેટે **રૂા.૦**/– વસુલ લેવામાં આવેલ, **આકારણી વિભાગ ઘ્વારા** આવેલ કુલ અરજીઓની સંખ્યા **૬૯** છે., જેમાં નિકાલ કરવામાં આવેલ કુલ અરજીઓની સંખ્યા **: ૧૬૭** છે, પ્રોપર્ટી ટેક્ષની આવક **રૂા.૬૦.૧૩** લાખ થયેલ છે., તથા **વ્યવયાસ વેરા વિભાગ ઘ્વારા** વ્યવસાય વેરાની આવક **રૂા.૮.૪૩** લાખ થયેલ છે., ૯ EC તથા **૧૧** RC નોંધાયેલ છે., નોંધણી ફી, રીન્યુ. ફી , ફેરફાર ફી તથા ડુપ્લીકેટ લાયસન્સ ફી પેટે કુલ **રૂા.૧૦૮૨/**– વસુલ કરવામાં આવેલ છે. વહીવટી ખર્ચ પેટે **રૂા.૨,૪૦૦/**– વસુલ લેવામાં આવેલ છે**.,૨૬** સંસ્થા રીન્યુ કરવામાં આવી તથા **૫** સંસ્થાની નવી નોંધણી કરવામાં આવેલ છે. તથા **આરોગ્ય વિભાગ ઘ્વારા** સફાઈ કરેલ જીલ્લાની સંખ્યાઃ **૩૯૬** છે., ઉંચકાવેલ કન્ટેનરની સંખ્યાઃ **૧૧૧** છે., નિકાલ કરેલ સોલીડવેસ્ટ : **૨૩૭.૫૧૦** મે.ટન છે., આપવામાં આવેલ નોટીસ ની સંખ્યાઃ **૨૩** છે., વસુલ કરેલ વહીવટી ખર્ચ : **રૂા.૮૦૦**/– છે., તથા **વી.ડી.સી. વિભાગ ઘ્વારા** કુલ : **૧૧૮૦૮** ઘર સર્વે કરવામાં આવેલ., કુલઃ **૨૬૭૬૦** બ્રિડીગ સ્પોટ ચેક કરવામાં આવેલ છે., મળી આવેલ બ્રિડીગની સંખ્યાઃ **૮૧** છે જે પૈકી તમામ બ્રિડીગનો નાશ કરાવવામાં આવેલ છે., કુલ સ્લાઈડ કલેકશનઃ **૧૨૭૭** કરવામાં આવેલ છે. જયારે **૫૭** નોટીસ આપવામાં આવેલ છે. તથા વહીવટી ખર્ચ પેટે **રૂા.૫,૯૦૦**/– વસુલ લેવામાં આવેલ છે.

## —: પ્રેસનોટ :—

**<u>સાઉથ ઝોન (ઉધના)માં તા.૨૧/૦૭/૨૦૧૬ ના રોજ ડિમોલિશનની કામગીરી કરવામાં આવેલ જેની વિગત નીચે મુજબ છે.</u>**

સાઉથઝોન (ઉધના)માં નીચે મુજબના સ્થળોએ ડિમોલિશન કામગીરી કરવામાં આવેલ.

સાઉથ ઝોન (ઉધના) માં ટી.પી.૧ (ઉધના–મજુરા) ફા.પ્લોટ નં.૫૩, સબ પ્લોટ નં. ૨૧, હરિનગર–૧ ખાતે ૫૫૦ ચો.ફુટ આર.સી.સી. સ્લેબ તથા ૬૦૦ ચો.ફુટ મેશનરીનું ડીમોલીશન કરવામાં આવેલ તથા વહીવટી ચાર્જપેટે રૂા.૬૦,૦૦૦/–, ડીપોઝીટ પેટે રૂા.૬૦,૦૦૦/– તથા સી.ડી.વેસ્ટ ચાર્જ રૂા.૧૦,૦૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

ઉપરોકત કામગીરી ઉધના ઝોનના શહેર વિકાસના સ્ટાફ, દબાણ સ્ટાફ તથા સીકયુરીટી સ્ટાફ ધ્વારા કરવામાં આવેલ છે.

૭૮૧

# પ્રેસનોટ

આજ તા.૨૧/૦૭/૨૦૧૬ ના રોજ સુરત મહાનગરપાલિકાના સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત), ટી.પી.સ્કીમ નં. ૬૨(ડીંડોલી–ભેસ્તાન–ભેદવાડ) સ્થિત સાંઈ નગર સોસાયટીમાં વિસ્તારમાં હેતુફેર કરી કોમર્શીયલ દુકાનો બનાવેલ જેનું ડીમોલેશન કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ.

અત્રેના સાઉથ ઈસ્ટ ઝોન (લિંબાયત) વિસ્તારમાં સમાવિષ્ટ ટી.પી.સ્કીમ નં.૬૨(ડીંડોલી–ભેસ્તાન–ભેદવાડ), સાંઈનગર સોસાયટીનાં પ્લોટ નં. ૧૦૩ થી ૧૧૪ નાં મિલ્કતદાર / કબ્જેદાર દ્વારા રહેણાંક ગાળામાં હેતુફેર કરી સુરત મહાનગરપાલિકાની કોઈપણ પ્રકારની પરવાનગી વિના દુકાનોનું અનઅધિકૃત કરવામાં આવેલ. સદરહું બાંધકામ અન્વયે આજરોજ સાઉથ ઈસ્ટ (લિંબાયત) ઝોનના શહેર વિકાસના સ્ટાફ દ્વારા કાર્યવાહી હાથ ધરી ૦૪(ચાર) દુકાનોના સ્લેબ તથા ચણતરની દિવાલ આશરે ૯૨૦ ચો.ફુટ સ્થળ પરથી દુર કરવામાં આવેલ અને પેનલ્ટી પેટે રૂા. ૧૦,૦૦૦ વસૂલવામાં આવેલ છે.

ઉપરોકત કામગીરીમાં ડે.ઈજનેર, જુની.ઈજનેર, દબાણ ખાતાનાં ઈજનેરો તથા ૨૦ થી વધુ બેઈદારોની ટીમ રોકાયેલ.

# સુરત અને સુરત થાની વચ્ચે સીસ્ટર સીટી રીલેશનશીપ માટે એમઓયુ થશે

સુરતઃ થાઈલેન્ડના મુંબઈ ખાતેના કોન્સલ જનરલ હિઝ એકસલન્સી મિ.એકાપોલ પુલપિયાત,થાઈલેન્ડ ટુરીઝમ ઓથોરીટીના ડાયરેકટર સુશ્રી સોરાયા હોમચ્ચુન અને ઈકોનોમિક અફેર્સના કોન્સલ સુશ્રી મીના ખોન્લાખાન્વીટે આજ રોજ સુરત મહાનગરપાલિકાની મુલાકાત લીધી હતી.સુરતના મેયર શ્રીમતી અસ્મીતા શિરોયા,ડેપ્યુટીમેયરશ્રી,સ્ટેન્ડીગ કમિટી ચેરમેનશ્રી તથા મ્યુનિસિપલ કમિશ્નર શ્રી મિલીંદ તોરવણે સાથે તેમની મિટીંગ યોજાઈ હતી.જેમાં સુરત અને સુરત થાનીના વિકસતા સંબંધો વધુ મજબૂત કરવા માટે એમઓયુ દ્વારાસિસ્ટર સીટી રીલેશનશીપ પ્રસ્થાપિત કરવા અંગે ચર્ચા થઈ હતી.

કોન્સલ જનરલે જણાવ્યું હતું કે થાઈલેન્ડ સાથે સાંસ્કૃતિક બાબતો અને ટુરીઝમ ક્ષેત્રે સારૂ કામ થઈ શકે એમ છે. સુરતના મેયર શ્રીમતી અસ્મિતા શિરોયાએ જણાવ્યું હતું કે શહેરની પ્રાથમિક સુવિધાઓ વિશે પણ ઘણું કામ થઈ શકે એમ છે.સ્ટેન્ડીગ કમિટી ચેરમેને કહયું હતું કે બંને શહેરો વચ્ચે શૈક્ષણિક ક્ષેત્રે સારૂ કામ થઈ શકશે.

થાઈલેન્ડના કોન્સલ જનરલે કહયું હતું કે આ બધી બાબતોમાં કામ શરૂ કરવા માટે બંને શહેરો વચ્ચે સિસ્ટર સીટી રીલેશનશીપના એમઓયુ થવાની રાહ પણ ન જોવી જોઈએ અને કામ શરૂ કરી દેવું જોઈએ.તેમના આ સુચનને સુરત મહાનગરપાલિકાના પદાધિકારીશ્રીઓએ પણ સમર્થન આપ્યું હતું.

આ એમઓયુ થવાથી વ્યાપાર ઉદ્યોગ ક્ષેત્ર ઉપરાંત શૈક્ષણિક અને સાંસ્કૃતિક સંબંધો પણ વિકસી શકશે એમ પણ તેમણે કહયું હતું.

૭૮૩

# સુરત મહાનગરપાલિકા
## જાહેર આરોગ્ય વિભાગ
## સ્વચ્છ ભારત અભિયાન
## <u>પ્રેસનોટ</u>

ભારત સરકાર દ્વારા આગામી ૨ જી ઓકટોબર ૨૦૧૯ સુધી "સ્વચ્છ ભારત મિશન" અંતર્ગત સ્વચ્છ ભારત માટે વિવિધ સફાઈ અને આરોગ્યલક્ષી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે. જેને કારણે સમગ્ર ભારત અને શહેરો, ગામોનું સ્વચ્છતાનું સ્તર જળવાઈ રહે.

તા.૩૦/૦૭/૧૬ના રોજ "વર્લ્ડ ફ્રેન્ડશીપ ડે" નિમિત્તે તા.૧૬/૦૭/૧૬ થી તા.૩૧/૦૭/૧૬ દરમ્યાન સિનિયર સીટીઝન તથા નાગરિકોના સહયોગથી સંયુકત રીતે "સ્વચ્છ અને સ્વસ્થ ભારત"ની સંયુકત સફાઈ ઝુંબેશ તેમજ સ્વચ્છતા બાબતની સ્પર્ધાનું આયોજન કરવા જણાવેલ છે.

જે અંતર્ગત તા.૨૦/૦૭/૧૬ના રોજ ઝોન/વોર્ડ વિસ્તારમાં સિનિયર સીટીઝન તથા નાગરિકો/વિર્ધાથીઓના સહયોગથી સંયુકત રીતે રેલી તેમજ સિનિયર સીટીઝન દ્વારા શાળાના બાળકોને સ્વચ્છતા બાબતનું માર્ગદર્શન તેમજ આરોગ્યલક્ષી શિક્ષણ આપી ધનિષ્ઠ સફાઈ ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી.

| ઝોન | શાળાની સંખ્યા | રેલીની સંખ્યા | બાળકોની સંખ્યા | સીનીયર સીટીઝન | સુપરવાઈઝર/આચાર્ય/ શિક્ષક સ્ટાફની સંખ્યા | કામદારની સંખ્યા |
|---|---|---|---|---|---|---|
| **વરાછાઝોન** | 3 | 3 | 180 | 29 | 10 | 12 |
| **ઉધના ઝોન** | 5 | 5 | 375 | 25 | 15 | 14 |
| **રાદેરઝોન** | 6 | 6 | 220 | 23 | 13 | 18 |
| **સેન્ટ્રલઝોન** | 4 | 4 | 212 | 45 | 37 | 15 |
| **કતારગામઝોન** | 5 | 5 | 192 | 60 | 7 | 21 |
| **અઠવાઝોન** | 4 | 4 | 175 | 22 | 15 | 8 |
| **ટોટલ** | **27** | **27** | **1354** | **204** | **97** | **88** |

**"સ્વચ્છ ભારત મિશન"** અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર જનતા માટે @SwachhSurat એકાઉન્ટ twitter પર શરૂ કરવામાં આવેલ છે તેમજ જાહેર જનતા માટે તાવ અંગેની માહિતી મેળવવા ૧૦૪ હેલ્પલાઈન શરૂ કરવામાં આવેલ છે. જેનો જાહેર જનતાને ઉપયોગ કરવા જણાવવામાં આવેલ છે

# સુરત મહાનગરપાલિકા
## જાહેર આરોગ્ય વિભાગ
## સ્વચ્છ ભારત અભિયાન
## પ્રેસનોટ

ભારત સરકાર દ્વારા આગામી ૨ જી ઓકટોબર ૨૦૧૯ સુધી "સ્વચ્છ ભારત મિશન" અંતર્ગત સ્વચ્છ ભારત માટે વિવિધ સફાઈ અને આરોગ્યલક્ષી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે. જેને કારણે સમગ્ર ભારત અને શહેરો, ગામોનું સ્વચ્છતાનું સ્તર જળવાઈ રહે.

તા.૦૪/૦૭/૧૬ના રોજ "ઈન્ટરનેશનલ કો. ઓપરેટીવ ડે" નિમિત્તે તા.૦૧/૦૭/૧૬ થી તા.૧૫/૦૭/૧૬ દરમ્યાન શહેરી ઝોન વિસ્તારમાં આવેલ શાંતિકુંજમાં રંગોળી/મહેંદી સ્પર્ધા અને "સ્વચ્છ અને સ્વસ્થ ભારત"ની સંયુકત સ્વચ્છતા ઝુંબેશનું આયોજન કરવા જણાવેલ છે.

જે અંતર્ગત તા.૨૧/૦૭/૧૬ના રોજ ઝોન/વોર્ડ વિસ્તારમાં આવેલ શાંતિકુંજમાં શાળાના વિર્ધાથીઓ સહયોગથી રંગોળી/મહેંદી સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ હતું તેમજ આજુ બાજુ ઘનિષ્ઠ સફાઈ ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. આ કામગીરી દરમ્યાન તમામ ઝોનમાં નીચે મુજબની કામગીરી કરવામાં આવેલ હતી.

| ઝોન | રંગોળી/મહેંદી સ્પર્ધામાં ભાગ લેનાર શાળા | રંગોળી/મહેંદી સ્પર્ધામાં ભાગ લેનાર વિર્ધાથીઓ | શિક્ષકો/ સીનીયર સીટીઝન | સુપરવાઈઝર | કામદારની સંખ્યા |
|---|---|---|---|---|---|
| **વરાછાઝોન** | 1 | 15 | 6 | 2 | 8 |
| **ઉધના ઝોન** | 2 | 34 | 8 | 3 | 12 |
| **રાદેરઝોન** | 4 | 36 | 16 | 4 | 14 |
| **લિબાયતઝોન** | 2 | 45 | 18 | 5 | 11 |
| **સેન્ટ્રલઝોન** | 3 | 89 | 21 | 3 | 16 |
| **કતારગામઝોન** | 5 | 68 | 35 | 5 | 20 |
| **અઠવાઝોન** | 5 | 30 | 60 | 5 | 15 |
| **ટોટલ** | **22** | **317** | **164** | **27** | **96** |

વધુમાં સિનિયર સીટીઝન તેમજ નાગરીકોના સહયોગથી આજુ બાજુના વિસ્તારની ઘનિષ્ઠ સફાઈની કામગીરી કરવામાં આવેલ હતી. તેમજ શાળાના વિર્ધાથીઓને આરોગ્યલક્ષી શિક્ષણ અને સમજ આપવામાં આવેલ હતું.

**"સ્વચ્છ ભારત મિશન"** અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર જનતા માટે @SwachhSurat એકાઉન્ટ twitter પર શરૂ કરવામાં આવેલ છે તેમજ જાહેર જનતા માટે તાવ અંગેની માહિતી મેળવવા ૧૦૪ હેલ્પલાઈન શરૂ કરવામાં આવેલ છે. જેનો જાહેર જનતાને ઉપયોગ કરવા જણાવવામાં આવેલ છે.

૭૮૫

# પ્રેસનોટ

મસ્કતિ ધર્માર્થ હોસ્પિટલ ખાતે તા.૧૬/૦૭/૧૬ થી તા.૨૨/૦૭/૧૬ (શનિવાર થી શુક્રવાર) સુધીમાં નીચે દર્શાવ્યા મુજબ દર્દીઓને સારવાર આપવામાં આવેલ છે.

| અ.નં. | વિભાગ | દર્દીની સંખ્યા |
|---|---|---|
| ૧ | ઓ.પી.ડી.ના કુલ કેસો | ૩૩૧૮ |
| ૨ | દાખલ થયેલ દર્દીઓની સંખ્યા | ૧૨૫ |
| ૩ | સારવાર બાદ રજા આપેલ દર્દીની સંખ્યા | ૮૭ |
| ૪ | મેજર ઓપરેશન | ૦૨ |
| ૫ | માયનોર ઓપરેશન | ૧૬ |
| ૬ | ડાયાલીસીસ વિભાગમાં સારવાર લીધેલ દર્દીની સંખ્યા | ૩૪ |

૭૮૬

# ::પ્રેસનોટ::

કારગીલની ઊંચી પહાડીઓમાં વિષમ પરિસ્થિતિમાં ભારતીય જવાનોએ ૨૬મી જુલાઈ, ૧૯૯૯ના દિવસે "ઓપરેશન વિજય" પાર પાડીને કારગીલની બધી ચોકી પર ભારતીય ત્રિરંગો ફરકાવ્યો ત્યારથી કારગીલ વિજયને 'વિજય દિવસ' તરીકે મનાવવામાં સાથે કારગીલ યુદ્ધમાં શહીદ થયેલા જવાનોને શ્રધ્ધાંજલિ આપવામાં આવે છે. સુરત મહાનગરપાલિકા દ્વારા આ કારગીલ વિજય દિન નિમિત્તે તા.૨૬/૦૭/૨૦૧૬ને મંગળવારના રોજ સવારે ૯.૦૦ કલાકે કારગીલ વિજય દિવસ સાથે કારગીલ યુદ્ધમાં શહીદ થયેલા જવાનોને શ્રધ્ધા સુમન અર્પણ કરવાનો કાર્યક્રમ "કારગીલ ચોક", લેકવ્યુ ગાર્ડન પાસે, પીપલોદ, સુરત ખાતે રાખવામાં આવેલ છે. પોલીસ જવાનોની બ્યુગલની ધુન સાથે શહીદોના સ્મારકને શ્રધ્ધા સુમન અર્પણ કાર્યક્રમમાં સહભાગી થવા જાહેર જનતાને નિમંત્રણ છે.

# પ્રેસનોટ

## નોર્થઝોન (કતારગામ)

## સુરત મહાનગરપાલિકા

નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૨૦/૦૭/૨૦૧૬ તેમજ તા.૨૨/૦૭/૨૦૧૬ ના રોજ એડી.સીટી ઈજનેરશ્રી (સીવીલ) ની સુચના તથા કાર્યપાલક ઈજનેરશ્રીના માર્ગદર્શન હેઠળ ડે.ઈજનેરશ્રીઓ, શહેર વિકાસ વિભાગના જુની.ઈજનેરશ્રીઓ તથા ખાનગી ઈજારદારાના સ્ટાફ તેમજ સીકયુરીટી સ્ટાફ સહિત કરેલ ડીમોલીશનની કામગીરીની વિગત નીચે મુજબ છે.

(૧) ટી.પી.સ્કીમ નં. ૨૭ (ઉત્રાણ–કોસાડ), ફા.પ્લોટ નં.૬૬ માં આવેલ કૃષ્ણદર્શન સોસાયટીના સબ પ્લોટ નં. ૧ માં મિલ્કતદારે બિનઅધિકૃત બાંધકામ શરૂ કરતા અત્રેથી મનાઈ હુકમ તેમજ કારણદર્શક નોટીસ આપવામાં આવેલ. તેમજ સ્થળ પર બાંધકામ બંધ કરાવવામાં આવેલ. તેમ છતાં મિલ્કતદાર ધ્વારા સ્થળ પર સતત બાંધકામ ચાલુ રાખતા તા.૨૦/૦૭/૨૦૧૬ ના રોજ અત્રેના સ્ટાફ ધ્વારા ત્રીજા અને ચોથા માળે અંદાજે ૧૮૦૦ ચો.ફુટ માપ વિસ્તારમાં આર.સી.સી. સ્લેબ સહિતનું બાંધકામ દુર કરવામાં આવેલ છે અને ડીમોલીશનની કામગીરી અર્થે વહીવટી ચાર્જ પેટે રૂા.૫૦,૦૦૦/– તથા ડીપોઝીટ પેટે રૂા.૫૦,૦૦૦/– તથા સી.ડી. વેસ્ટ ચાર્જીસ પેટે રૂા.૧૦,૦૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

(૨) નવી જી.આઈ.ડી.સી. સબ પ્લોટ નં. ૪૨૨ માં મિલ્કતદારે બિનઅધિકૃત બાંધકામ શરૂ કરતા તા.૨૨/૦૭/૨૦૧૬ ના રોજ અત્રેના સ્ટાફ ધ્વારા ત્રીજા માળનું આશરે ૬૫૨૫ ચો.ફુટ નું સ્લેબ ભરવાને ઈરાદે કરવામાં આવેલ તમામ સેન્ટરીંગ/શટરીંગનું તેમજ આશરે ૧૫૦૦ ચો.ફુટ માપ વિસ્તારમાં ચણતરકામ દુર કરવામાં આવેલ છે.

# પ્રેસનોટ

## " ગોડાદરામાં જાનકી પાર્ક સોસાયટીમાં ગેરકાયદેસર ગાળાઓનું ડીમોલીશન "

સુરત મહાનગરપાલિકાના સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત) માં સમાવિષ્ટ ગોડાદરામાં માર્જીનનાં ભાગમાં ઉભા કરી દેવાયેલ ગાળાઓને આજરોજ ડિમોલીશન કરી તોડી પાડવામાં આવેલ.

લિંબાયત ઝોનમાં આવેલ ટી.પી.સ્કીમ નં.૬૯(ગોડાદરા–ડીંડોલી) માં ફા.પ્લોટ નં.૨૦ માં મિલ્કતદારો દ્વારા સુરત મહાનગરપાલિકામાંથી રો–હાઉસ પ્રકારનો બાંધકામનો લે–આઉટની વિકાસ પરવાનગી તા.૧૮/૦૪/૨૦૧૫ થી લીધેલ હતી. મિલ્કતદારો / હિતસંબંધીઓ દ્વારા સદર મંજુર પ્લાનની વિરુધ્ધ માર્જીનની જગ્યામાં ગાળાટાઈપ મકાનો ચણી દેવાની કવાયત શરૂ કરેલ. સદર બાંધકામને ઝોન કચેરીએથી અટકાવવામાં આવેલ. પરંતુ મિલ્કતદાર દ્વારા ચેતવણીને અવગણીને બાંધકામ ચાલુ રાખવામાં આવેલ. ઝોન કચેરીએથી આથી ૧૦(દસ) જેટલા ગેરકાયદેસર થયેલ ગાળાઓને ધી બી.પી.એમ.સી.એકટ ૧૯૪૯ ની કલમ ૨૬૦(૧)(અ) મુજબની કારણદર્શક નોટીસ અને સદરહુ એકટની કલમ ૨૬૭ મુજબ દરેક ગાળાને મનાઈ હુકમની નોટીસ તા.૦૮/૦૭/૨૦૧૫ નાં રોજ આપવામાં આવેલ. નોટીસ બજાવ્યા બાદ પણ મિલ્કતદારોદ્વારા નોટીસ અવગણી બાંધકામ ચાલુ રાખવામાં આવેલ. જેમાં ૦૩(ત્રણ) ગાળામાં પ્લીન્થ અને તેની ઉપરનું ચણતરકામ હતું જયારે બાકીનાં ગ્રાઉન્ડ ફલોર + પ્રથમ માળનાં ગાળા હતા.

સદરહુ ગાળાઓને આજરોજ ધી બી.પી.એમ.સી.એકટ ની કલમ ૨૬૪ મુજબ એન્ટ્રી નોટીસબજાવી ગેરકાયદેસર ગાળાઓનાં ડિમોલીશનની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ. જે અન્વયે ૦૩(ત્રણ) ગાળાઓની પ્લીન્થ અને ચણતર સંપૂર્ણપણે દુર કરવામાં આવેલ. સદરહુ ડિમોલીશન અંતર્ગત આશરે ૩૦૦૦ ચો.ફુટ જેટલું ચણતર, ૧૩૦૦ ચો.ફુટ જેટલું આર.સી.સી. અને ૧૩૬૦ ચો.ફુટ જેટલું પી.સી.સી. અત્યાર સુધીમાં દુર કરવામાં આવેલ છે. હાલમાં અન્ય ગાળાઓમાં ડિમોલીશનની કામગીરી પ્રગતિ હેઠળ છે.

ઉપરોકત કામગીરીમાં ડે.ઈજનેર, આસી./જુની.ઈજનેર, દબાણ ખાતાનાં ટેકનીકલ આસીસ્ટન્ટ સહિત ૩૦ બેલદારો તથા ખાનગી એજન્સીનાં૩૦ માણસોની ટીમ રોકાયેલ છે. અને ૦૧–નંગ જે.સી.બી. બ્રેકર મશીન તથા ૦૧–નંગ જે.સી.બી. મશીનની મદદથી કામગીરી સુપેરે પાર પાડવામાં આવેલ છે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગર સેવા સદર તરફથી સાદર
સમાચાર યાદી નં. ............................
તા. ૨૨/૦૭/૨૦૧૬ 788 =

૭૮૯

# સ્મીમેર

# પ્રેસનોટ

સ્મીમેર હોસ્પીટલમાં તા.૧૫/૦૭/૨૦૧૬ થી તા.૨૧/૦૭/૨૦૧૬ દરમ્યાન સારવાર લીધેલ પેશન્ટોની માહિતી.

- સ્મીમેર હોસ્પીટલમાં વિવિધ રોગોની સારવાર અર્થે આવેલ ૧૨૮૯૮ આઉટડોર દર્દીઓને જરૂરી સારવાર આપવામાં આવી.૧૧૪૭ દર્દીઓને વધુ સારવાર માટે હોસ્પીટલમાં દાખલ કરવામા આવ્યા. આ અઠવાડિયા દરમ્યાન એમ.એલ.સી.ના ૪૨૭ દર્દીઓ નોંધાયેલ છે. આઈ.સી.યુ. વિભાગમાં ૪૬ દર્દીઓને સારવાર આપવામાં આવી.
- ઓબ્સ્ટ્રેક એન્ડ ગાયનેકોલોજી વિભાગમાં ૧૧૫ સ્ત્રીઓની પ્રસૂતિ કરાવવામાં આવી.
- સ્મીમેર હોસ્પીટલમાં ૧૬૩ મેજર ઓપરેશનો તથા ૩૫૭ માયનોર ઓપરેશનો કરવામાં આવેલ છે.
- રેડીયોલોજી વિભાગમાં એક્ષ–રે ૨૪૨૧, સોનોગ્રાફી ૭૦૧, એમ.આર.આઈ. ૧૨૦ તથા સીટી સ્કેન ૧૧૫ કરવામાં આવેલ છે.
- ડોનર તરફથી બ્લડ બેન્કમાં ૨૧૧ યુનિટ બ્લડ મળેલ છે જયારે ૪૦૬ યુનિટ બ્લડ જરૂરિયાતમંદ દર્દીઓને ઈસ્યુ કરવામાં આવેલ છે.
- સ્મીમેરની લેબોરેટરીમાં ૨૨૧૮૨ દર્દીઓના વિવિધ ટેસ્ટ માટેના સેમ્પલો લેવામાં આવ્યા.
- જુના ૧૮૩ દર્દીઓ તથા નવા ૪૯ દર્દીઓને હડકવા વિરોધી રસી મુકવામાં આવી.

વધુમાં મીલ્ક બેંક, આઈ બેંક વિગેરેની સુવિધા પણ ઉપલબ્ધ છે. જે ગરીબ તથા મધ્યમ વર્ગના લોકોએ આરોગ્યલક્ષી સેવાનો સારો એવો લાભ મેળવી રહયા છે.

# પૂર્વઝોન(વરાછા) ની અખબારી યાદી

તા.૨૨/૦૭/ ૨૦૧૬

## પૂર્વ(વરાછા)ઝોનમાં પૂણા–સીમાડા વિસ્તારમાં ગેરકાયદેસર બાંધકામનું ડિમોલીશન બાબત.

(૧) ડ્રા.ટી.પી.સ્કીમ નં. ૬૮(પુણા–સીમાડા)માં બ્લોક નં. ૪, ફા.પ્લોટ નં.૧૪૦/બી માં આવેલ સ્વાગત સોસાયટીના ઘર નં.૬૬ થી ૬૮ ના પ્રથમ માળ ઉપર આશરે ૧૦૭૫.૦૦ ચો.ફૂટ માપવિસ્તારમાં ગેરકાયદેસર ૪(ચાર) દુકાનોનું ડીમોલીશન તથા આજ સોસાયટીમાં પ્લોટ નં. ૮૫ માં આશરે ૧૨૦.૦૦ ચો.ફૂટ માપવિસ્તારમાં મકાનની દિવાલ તોડી દુર કરવામાં આવી.

(૨) ડ્રા.ટી.પી.સ્કીમ નં. ૬૮(પુણા–સીમાડા)માં બ્લોક નં. ૭, ફા.પ્લોટ નં.૧૪૩/એ,બી માં આવેલ સિધ્ધાર્થનગર સોસાયટીમાં રહેણાંકનો હેતુફેર કરી કોમર્શીયલ ઉપયોગ કરી દુકાનના ઈરાદે શટર્સ ફીટ કરવામાં આવેલ. આજરોજ ૧૮(અઢાર) મિલ્કતોના આશરે ૩૧ દુકાનોના શટરો દુર કરવામાં આવ્યા.

(૩) ડ્રા.ટી.પી.સ્કીમ નં. ૬૮(પુણા–સીમાડા)માં બ્લોક નં.૩૦૨, ફા.પ્લોટ નં.૧૦૩/એ માં આવેલ પરમેશ્વર પાર્ક સોસાયટીના પ્લોટ નં. ૧ થી ૨૦ માં હયાત ગ્રાઉન્ડ ફ્લોરની ઉપર પ્રથમ માળે દુકાન બનાવવાના ઈરાદે આશરે ૩૨૪૦.૦૦ ચો.ફૂટ માપ વિસ્તારમાં સ્લેબ ભરેલ જે આજરોજ તોડી દુર કરવામાં આવ્યો.

ઉપરોકત કામગીરી ચુસ્ત પોલીસ બંદોબસ્ત હેઠળ અત્રેના કાર્યપાલક ઈજનેરશ્રીના માર્ગદર્શનથી ડે.ઈજનેરશ્રી, સિકયુરીટી સ્ટાફ, શહેરી વિકાસ વિભાગ તથા દબાણના સ્ટાફ મારફત પાર પાડવામાં આવેલ.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર
સમાચાર યાદી નં...૭૯૦...
તા.૨૨/૦૭/૨૦૧૬

૭૯૧

# <u>પ્રેસનોટ</u>

**સેન્ટ્રલ ઝોન**

**સુરત મહાનગરપાલિકા**

**<u>ગેરકાયદેસર બાંધકામ દૂર કર્યાની વિગત</u> :–**

**(૧)** સેન્ટ્રલ ઝોનનાં ઝોનલ ચીફ/સીટી ઈજનેરશ્રી અને કાર્યપાલક ઈજનેરશ્રીની સીધી સૂચના અને માર્ગદર્શન હેઠળ સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં સમાવિષ્ટ વોર્ડ નં.૪, નોંધ નં. ૨૭૩૮, ૨૭૩૯/બ/ર સુરત વાળી મિલ્કતમાં મિલ્કતદાર ધ્વારા મંજુર પ્લાન વિરુધ્ધ ગ્રા.ફલોર પર પાર્કીંગવાળા ભાગમાં આશરે ૪૫૦ ચો.ફુટ માપ વિસ્તારમાં ફલેટનું ગેરકાયદેસર બાંધકામ કરવામાં આવેલ. જે તા.૨૦/૦૭/૨૦૧૬ ના રોજ અત્રેથી દૂર કરી પાર્કીંગની જગ્યા ખુલ્લી કરવામાં આવેલ છે. વહીવટી ચાર્જ પેટે રૂા.૨૦,૦૦૦/– વસૂલ લેવામાં આવેલ છે.

**(૨)** સેન્ટ્રલ ઝોનનાં ઝોનલ ચીફ/સીટી ઈજનેરશ્રી અને કાર્યપાલક ઈજનેરશ્રીની સીધી સૂચના અને માર્ગદર્શન હેઠળ સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં સમાવિષ્ટ વોર્ડ નં.૪, નોંધ નં. ૧૯૩૩–૩૪ સુરત વાળી મિલ્કતમાં મિલ્કતદાર ધ્વારા મંજુર પ્લાન વિરુધ્ધ ગ્રા.ફલોર પર પાર્કીંગવાળા ભાગમાં રોલીંગ શટર નાંખી ગેરકાયદેસર દુકાનનું બાંધકામ કરવામાં આવેલ. જે તા.૨૧/૦૭/૨૦૧૬ ના રોજ અત્રેથી દૂર કરી પાર્કીંગની જગ્યા ખુલ્લી કરવામાં આવેલ છે.

**(૩)** સેન્ટ્રલ ઝોનનાં ઝોનલ ચીફ/સીટી ઈજનેરશ્રી અને કાર્યપાલક ઈજનેરશ્રીની સીધી સૂચના અને માર્ગદર્શન હેઠળ સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં સમાવિષ્ટ વોર્ડ નં.૧૨, નોંધ નં. ૨૭૮૬, ૨૭૮૭, ૨૭૮૮ સૈયદપુરા, મેઈન રોડ, સુરત વાળી મિલ્કતમાં મિલ્કતદાર ધ્વારા મંજુર પ્લાન વિરુધ્ધ ગેરકાયદેસર બાંધકામ કરવામાં આવતાં અત્રેથી નં.સે.ઝેડ /એન્જિ./આ./૧૬૫૪, તા.૨૨/૦૭/૧૬ થી એન્ટ્રી નોટીસ આપી ગ્રા.ફલોર તથા પહેલા માળ પર આશરે ૨૭૦ ચો.ફુટ માપ વિસ્તારમાં કરેલ ફ્રન્ટ માર્જીન કવર્ડ કરવા સહિતનું ગેરકાયદેસર બાંધકામ આજે તા.૨૨/૦૭/૨૦૧૬ ના રોજ અત્રેથી તોડી દૂર કરવામાં આવેલ છે. વહીવટી ચાર્જ પેટે રૂા.૨૦,૦૦૦/– વસૂલ લેવામાં આવેલ છે.

૭૯૨

# પ્રેસનોટ

# નોર્થ ઝોન (કતારગામ)

# સુરત મહાનગરપાલિકા

નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૨૧/૦૭/૨૦૧૬ ના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

આરોગ્ય વિભાગ દ્વારા ૨૬૦ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ. ૭૫ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા.૩,૬૦૦/– વસુલ લેવામાં આવેલ છે. ૪૫ ડ્રેનેજ ફરીયાદનો નિકાલ કરવામાં આવેલ છે. વી.બી.ડી.સી. વિભાગ દ્વારા ૯૯૨૫ ઘરનો સર્વે કરવામાં આવેલ. જે પૈકી ૫૫૭ વ્યકિતની સ્લાઈડ લેવામાં આવેલ છે. ઘરોના સર્વે દરમ્યાન ૬૫ જગ્યાએ માલુમ પડેલ બ્રિડીંગનો નાશ કરવામાં આવેલ છે. ૩૪ ઈસમોને નોટીસ આપવામાં આવેલ છે. તેમજ વહીવટી ખર્ચ પેટે રૂા.૫૦૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

આકારણી અને વસુલાત વિભાગ દ્વારા કુલ ૩૧૫૧ કરદાતાઓ પાસેથી રૂા.૯૩,૬૬,૬૨૮/– નો વેરો વસુલ કરવામાં આવેલ છે.

કતારગામ વિસ્તારમાં વ્યવસાયવેરા / ગુમાસ્તાધારામાં કુલ ૧૯૧ મિલ્કતોનું સર્વે કરવામાં આવેલ છે. વસુલાતની કામગીરી હેઠળ કુલ ઈ.સી.ની ૧૦૯ એન્ટ્રીમાં રૂા.૨,૩૫,૧૦૬/– અને આર.સી.ની ૮૨ એન્ટ્રીમાં રૂા.૪,૬૬,૮૫૭/– મળી કુલ રૂા.૭,૦૧,૯૬૩/– ની વસુલાત કરવામાં આવેલ છે.

ગુમાસ્તાધારા નવી નોંધણીની ૧૦ એન્ટ્રીમાં રૂા.૨૮૦/– રીન્યુઅલની ૦૪ એન્ટ્રીમાં રૂા.૨૮૦/– અને દંડની રકમની ૦૬ એન્ટ્રીમાં રૂા.૭૦૦/– ની વસુલાત કરવામાં આવેલ છે.

પાણી ખાતા ધ્વારા ૦૬ સ્થળ પર લીકેજ દુરસ્તીની કામગીરી કરેલ છે.

દબાણ ખાતા દ્વારા "૦" રોડ : ગજેરા લેક ગાર્ડન પાસેથી દબાણ હટાવી બંધ લારી–૦૧, ટેમ્પો–૦૨ તથા સીમેન્ટની ગુણો–૨૮ જપ્ત કરવામાં આવેલ છે.

૭૯૩

# સુરત મહાનગરપાલિકા

# સાઉથ વેસ્ટ (અઠવા) ઝોન

# અખબારી યાદી

સુરત મહાનગરપાલિકાના સાઉથ વેસ્ટ(અઠવા)ઝોન વિસ્તારમાં તા.૨૨/૦૭/૧૬ ના રોજ નીચે મુજબની કામગીરી કરવામાં આવેલ છે.

ટી.પી.સ્કીમ નં.૧ (વેસુ) ના ફા.પ્લોટ નં.૮૮ માં આવેલ પ્રાપ્તિ એપાર્ટમેન્ટના બિલ્ડીંગ–બી, ના ફલેટ નં.જી–૩ ના મિલ્કતદારશ્રી કિશનભાઈ રજપૂત દ્વારા સુરત મહાનગરપાલિકાની બાંધકામની પરવાનગી વગર આશરે ૧૨૦૦.૦૦ ચો.ફુટ માપ વિસ્તારમાં ગ્રાઉન્ડ ફલોર પર માર્જીનવાળા ભાગમાં કરેલ ઈંટોના ચણતરની દિવાલ, એંગલ તથા પતરાનાં શેડનું ગેરકાયદેસર બાંધકામ શરૂ કરેલ. જે દૂર કરવા અત્રેથી વારંવાર સુચના આપવા છતાં મિલ્કતદારે દૂર ન કરતાં અત્રેથી સદરહુ ગરેકાયદેસર બાંધકામ આજરોજ દૂર કરવામાં આવેલ છે. તેમજ મિલ્કતદાર પાસેથી રૂા.૪૦,૦૦૦/– ડીમોલીશન ચાર્જ વસુલ લેવામાં આવેલ છે. સદરહું કામગીરી અત્રેના સાઉથ વેસ્ટ(અઠવા)ઝોનના ટેકનીકલ સ્ટાફ, દબાણ સ્ટાફ તથા સિકયુરીટી સ્ટાફની મદદથી કરવામાં આવેલ છે.

૭૯૪

# પ્રેસનોટ

## સુરત મહાનગરપાલિકા

**માર્કેટ વિભાગ, નેચરપાર્ક–ઝુ એન્ડ જગદીશચંદ્ર બોઝ મ્યુનિસિપલ એકવેરિયમ**

સુરત મહાનગરપાલિકાના માર્કેટ વિભાગના નિયમન અને નિયંત્રણ હેઠળના મ્યુ. માર્કેટોમાં તા.૧૫/૦૭/૨૦૧૬ થી તા.૨૧/૦૭/૨૦૧૬ દરમ્યાન સેન્ટ્રલઝોન, નોર્થઝોન, ઈસ્ટઝોન (વરાછા), સાઉથ ઈસ્ટ ઝોન(લીંબાયત), સાઉથ ઝોન(ઉધના), વેસ્ટઝોન (રાંદેર), સાઉથ વેસ્ટ ઝોન(અઠવા) માં આવેલ તમામ માર્કેટોથી સ્ટોલ ધારકો, ફેરિયાઓ, પાથરણાવાળાઓ પાસેથી ફ્રેશ વેલ્યુ ટીકીટ પેટે રૂા.૧,૫૮,૧૫૫/– તથા વહીવટી ખર્ચ પેટે રૂ. ૮,૦૦૦/– ની વસુલાત કરવામાં આવેલ. તેમજ માર્કેટોમાં વેચાતી અખાદ્ય શાકભાજી–ફળફળાદી ૨૩૧.૦૦૦ કિ.ગ્રા.નો જંતુનાશક દવા છાંટી નાશ કરેલ અને ૭૫.૨૫૦ કી.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરવામાં આવેલ. તે જ રીતે કેટલ ન્યુસન્સ રીમુવલ સેલ દ્વારા સુરત શહેરના જુદા જુદા વિસ્તારોમાંથી રખડતા / ભટકતા, ટ્રાફીક અને લોકોની અવર–જવરમાં અડચણરૂપ ઢોરો નંગ–૩૯ પકડી પાડી મ્યુનિસિપલ ઢોર ઢબ્બામાં પુરવામાં આવેલ પૈકી પશુપાલકો દ્વારા તેમની માલિકીના ઢોર પરત મેળવવા બદલ દંડ અને નિભાવખર્ચ, વહીવટી ખર્ચ પેટે કુલ રૂા.૧૪,૩૦૦/– ની વસુલાત કરવામાં આવેલ છે અને પશુપાલકો દ્વારા નિષ્કાળજી દાખવી તેમના ઢોરો જાહેર રસ્તા ઉપર રખડતા મુકવા બદલ ધી બોમ્બે પોલીસ એકટ–૧૯૫૧ ની કલમ –૯૦(એ)(૧) મુજબ –૦૩ પોલીસ કેસ દાખલ કરી શિક્ષાત્મક કાર્યવાહી હાથ ધરેલ.

આ અઠવાડિયા દરમ્યાન સરથાણા ખાતે આવેલ પ્રાણી સંગ્રહાલય અને પાલ ખાતે આવેલ મ્યુ. એકવેરિયમમાં ક્રમશઃ ૧૫,૮૪૫ અને ૭,૭૫૧ મુલાકાતીઓએ મુલાકાત લીધી. અને તે સંદર્ભે અનુક્રમે રૂા.૨,૧૦,૧૮૦/– અને રૂા.૩,૦૬,૩૭૦/– રકમ મળી કુલ રકમ રૂા.૫,૧૬,૫૫૦/– મ્યુ. તિજોરીમાં જમા કરાવેલ છે. જે માર્કેટ, ઝુ અને એકવેરીયમ ખાતાના વડા એક યાદીમાં જણાવે છે.

# પ્રેસનોટ

## સાઉથઝોન(ઉધના)

## સુરત મહાનગરપાલિકા

**તા.૨૨.૦૭.૨૦૧૬ નાં રોજ** સાઉથઝોન(ઉધના) ના ઈજનેર વિભાગ ધ્વારા ગૃડા એકટ–૨૦૧૧ અંતર્ગત કુલ : **૧૧** ફાઈલના **રૂા.૧.૨૭ લાખ** રૂપિયા વસુલ લેવામાં આવેલ છે., કુલ– **૧૦ લોકેશન (ખાડા) ૪૪૦.૦૦ ચો.મી**. પેચવર્કની કામગીરી કરી કુલ ૩૦.૬૦ મે.ટન ડામરનો ઉપયોગ લેવામાં આવેલ છે., **કુલ–૧૧** લોકેશન(ખાડા) **૨૬૦.૦૦ ચો.મી.** મેટલીંગની કામગીરી કરવામાં આવેલ છે., **કુલ–૧૩** લોકેશન, **૨૭૨૦.૦૦ ચો.મી.** સ્ક્રેપીંગની કામગીરી કરવામાં આવેલ છે., તથા સાઉથ ઝોન (ઉધના) માં મોજે–ભેસ્તાન, રે.સ.નં.૭, ૮, ૧૪/૧ થી ૧૪/૩, ૧૯ થી ૩૫, ૪૨, ૪૪ થી ૪૬, ૫૫ પૈકી, સબ પ્લોટ નં.જી–૧/૩૩ થી ૩૫ અને ૧૮૫ થી ૧૮૭, ભગવતી ઈન્ડ. એસ્ટેટ ખાતે ૧૦૦ ચો.ફુટ આર.સી.સી. સ્લેબ તથા ૨૨૦૦ ચો.ફુટ મેશનરી અને શટરીંગનું ડીમોલીશન કરવામાં આવેલ તથા વહીવટી ચાર્જપેટે રૂા.૧,૦૦,૦૦૦/–, ડીપોઝીટ પેટે રૂા.૧,૦૦,૦૦૦/– તથા સી.ડી.વેસ્ટ ચાર્જ રૂા.૧૦,૦૦૦/– વસુલ લેવામાં આવેલ તથા મોજે–ભેસ્તાન, રે.સ.નં.૭, ૮, ૧૪/૧ થી ૧૪/૩, ૧૯ થી ૩૫, ૪૨, ૪૪ થી ૪૬, ૫૫ પૈકી, સબ પ્લોટ નં.બી/૨/૭૨, ૭૩ , ભગવતી ઈન્ડ. એસ્ટેટ ખાતે ૧૦૦ ચો.ફુટ આર.સી.સી. સ્લેબ તથા ૧૧૦૦ ચો.ફુટ મેશનરીનું ડીમોલીશન કરવામાં આવેલ તથા વહીવટી ચાર્જ પેટે રૂા.૬૦,૦૦૦/–, ડીપોઝીટ પેટે રૂા.૬૦,૦૦૦/– તથા સી.ડી.વેસ્ટ ચાર્જ રૂા.૫,૦૦૦/– વસુલ લેવામાં આવેલ તથા ડ્રેનેજ ના નવા કનેકશન કુલ : ૦૪ પાણીના નવા કનેકશન કુલ : **૦૫** આપવામાં આવેલ, તથા **આઈ.સી.નાં નાણાં** પેટે **રૂા.૦/–** વસુલ લેવામાં આવેલ, **આકારણી વિભાગ ધ્વારા** આવેલ કુલ અરજીઓની સંખ્યા **૩૪** છે., જેમાં નિકાલ કરવામાં આવેલ કુલ અરજીઓની સંખ્યા **: ૮૧** છે, પ્રોપર્ટી ટેક્ષની આવક **રૂા.૩૭.૩૦** લાખ થયેલ છે., તથા **વ્યવયાસ વેરા વિભાગ ધ્વારા** વ્યવસાય વેરાની આવક **રૂા.૬.૪૫** લાખ થયેલ છે., **૧૪** EC તથા **૨૦** RC નોંધાયેલ છે., નોંધણી ફી, રીન્યુ. ફી , ફેરફાર ફી તથા ડુપ્લીકેટ લાયસન્સ ફી પેટે કુલ **રૂા.૧૫૫૭/–** વસુલ કરવામાં આવેલ છે. વહીવટી ખર્ચ પેટે **રૂા.૩,૪૦૦/–** વસુલ લેવામાં આવેલ છે**.**, **૩૭** સંસ્થા રીન્યુ કરવામાં આવી તથા **૬** સંસ્થાની નવી નોંધણી કરવામાં આવેલ છે. તથા **આરોગ્ય વિભાગ ધ્વારા** સફાઈ કરેલ જીલ્લાની સંખ્યાઃ **૩૯૬** છે., ઉંચકાવેલ કન્ટેનરની સંખ્યાઃ **૧૧૩** છે., નિકાલ કરેલ સોલીડવેસ્ટ : **૨૩૬.૫૬૦** મે.ટન છે., આપવામાં આવેલ નોટીસ ની સંખ્યાઃ **૨૧** છે., વસુલ કરેલ વહીવટી ખર્ચ : **રૂા.૨,૬૦૦/–** છે., તથા **વી.ડી.સી. વિભાગ ધ્વારા** કુલ : **૧૧૮૬૪** ઘર સર્વે કરવામાં આવેલ., કુલઃ **૨૭૧૦૧** બ્રિડીગ સ્પોટ ચેક કરવામાં આવેલ છે., મળી આવેલ બ્રિડીગની સંખ્યાઃ **૧૦૩** છે જે પૈકી તમામ બ્રિડીગનો નાશ કરાવવામાં આવેલ છે., કુલ સ્લાઈડ કલેકશનઃ **૧૪૧૭** કરવામાં આવેલ છે. જયારે **૪૮** નોટીસ આપવામાં આવેલ છે. તથા વહીવટી ખર્ચ પેટે **રૂા.૬,૮૦૦/–** વસુલ લેવામાં આવેલ છે.

૭૯૬

## —: પ્રેસનોટ :—

**<u>સાઉથ ઝોન (ઉધના)માં તા.૨૨/૦૭/૨૦૧૬ ના રોજ ડિમોલિશનની કામગીરી કરવામાં આવેલ જેની વિગત નીચે મુજબ છે.</u>**

સાઉથઝોન (ઉધના)માં નીચે મુજબના સ્થળોએ ડિમોલિશન કામગીરી કરવામાં આવેલ.

સાઉથ ઝોન (ઉધના) માં મોજે—ભેસ્તાન, રે.સ.નં.૭, ૮, ૧૪/૧ થી ૧૪/૩, ૧૯ થી ૩૫, ૪૨, ૪૪ થી ૪૬, ૫૫ પૈકી, સબ પ્લોટ નં.જી—૧/૩૩ થી ૩૫ અને ૧૮૫ થી ૧૮૭, ભગવતી ઈન્ડ. એસ્ટેટ ખાતે ૧૦૦ ચો.ફુટ આર.સી.સી. સ્લેબ તથા ૨૨૦૦ ચો.ફુટ મેશનરી અને શટરીંગનું ડીમોલીશન કરવામાં આવેલ તથા વહીવટી ચાર્જપેટે રૂા.૧,૦૦,૦૦૦/—, ડીપોઝીટ પેટે રૂા.૧,૦૦,૦૦૦/— તથા સી.ડી.વેસ્ટ ચાર્જ રૂા.૧૦,૦૦૦/— વસુલ લેવામાં આવેલ છે.

સાઉથ ઝોન (ઉધના) માં મોજે—ભેસ્તાન, રે.સ.નં.૭, ૮, ૧૪/૧ થી ૧૪/૩, ૧૯ થી ૩૫, ૪૨, ૪૪ થી ૪૬, ૫૫ પૈકી, સબ પ્લોટ નં.બી/૨/૭૨, ૭૩ , ભગવતી ઈન્ડ. એસ્ટેટ ખાતે ૧૦૦ ચો.ફુટ આર.સી.સી. સ્લેબ તથા ૧૧૦૦ ચો.ફુટ મેશનરીનું ડીમોલીશન કરવામાં આવેલ તથા વહીવટી ચાર્જ પેટે રૂા.૬૦,૦૦૦/—, ડીપોઝીટ પેટે રૂા.૬૦,૦૦૦/— તથા સી.ડી.વેસ્ટ ચાર્જ રૂા.૫,૦૦૦/— વસુલ લેવામાં આવેલ છે.

ઉપરોકત કામગીરી ઉધના ઝોનના શહેર વિકાસના સ્ટાફ, દબાણ સ્ટાફ તથા સીકયુરીટી સ્ટાફ ધ્વારા કરવામાં આવેલ છે


# નગર પ્રાથમિક શાળા અને ખાનગી શાળાઓના શિક્ષકોનો ડેન્ગ્યું રોગ અંગેની જાણકારીનો તાલીમ શિબીર

સુરત મહાનગરપાલિકાનાં વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા આરોગ્ય શિક્ષણના જુદા જુદા માધ્યમોના અસરકારક ઉપયોગથી જનસમુદાયને મચ્છર ઉત્પત્તિ અને નિયંત્રણ કામગીરીમાં સક્રિય રીતે સાંકળી લેવા સુરત શહેરની તમામ સ્કૂલના બાળકોનો સમાવેશ કરીને શિક્ષણ વિભાગના પરામર્શમાં રહીને જનજાગૃતિ ઉભી કરવા સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં આવેલ નગર પ્રાથમિક શાળાઓ અને ખાનગી શાળાઓના આચાર્યો અને શિક્ષકોને મેલેરીયા, ડેન્ગ્યું અને ચિકનગુનિયા રોગ અંગેની જાણકારી આપવા માટેનો એક તાલીમ કાર્યક્રમ વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા તા.૨૨/૭/૨૦૧૬ નાં રોજ સંજીવકુમાર ઓડિટોરીયમ ખાતે રાખવામાં આવેલ હતો. સદર તાલીમમાં શહેરની નામાંકિત શાળાઓ તથા નગર પ્રાથમિક શાળાઓના આશરે ૧૧૫૫ જેટલા આચાર્યો અને શિક્ષકો હાજર રહેલ હતા.

તાલીમ શિબિરમાં મેયરશ્રીમતી અસ્મિતાબેન શિરોયા, ડેપ્યુટી મેયર શ્રી શંકરલાલ ચેવલી, આરોગ્ય સમિતિ ચેરમેનશ્રી અનિલભાઈ બિસ્કીટવાલા, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિનાં શાસનાધિકારીશ્રી હિતેશભાઈ માખેચા, વિગેરે મહાનુભાવો હાજર રહયા હતા. ઉપરોકત મહાનુભાવોનું ડેપ્યુટી કમિશ્નર(હેલ્થ અને હોસ્પિટલ) ડો. હેમંત દેસાઈ દ્વારા સ્વાગત પ્રવચન કરી સન્માન કરવામાં આવેલ. આ તાલીમ શિબિરમાં માન. મેયર શ્રીમતી અસ્મિતાબેન શિરોયાએ આરોગ્ય વિભાગની ટીમ અને તેમની કામગીરીને બીરદાવી શહેરને રોગમુકત કરવા એક માસ નહી પરંતુ પુરા વર્ષ દરમ્યાન ડેંગ્યુ વિરોધી ઝુંબેશમાં જોડાવા ઉપસ્થિત સૌને અપીલ કરેલ. ડેપ્યુટી મેયર શ્રી શંકરલાલ ચેવલીએ જણાવ્યું હતું, કે આરોગ્ય વિભાગ દ્વારા યોજવામાં આવતા હેલ્થ કેમ્પમાં વાહક જનિત રોગ નિયંત્રણ વિભાગ દ્વારા મોસ્કીટોનું લાઈવ ડેમોન્સ્ટ્રેશન કરી તે અંગેની જાણકારી આપવામાં આવે છે. આરોગ્ય સમિતિ ચેરમેનશ્રી અનિલભાઈ બિસ્કીટવાળાએ તેમના પ્રવચનમાં જણાવ્યું હતું કે, સુરત મહાનગરપાલિકાના તમામ વિભાગો જો સંકલનમાં રહીને કામગીરી કરે તો સુરત શહેરનાં મચ્છરજન્ય રોગોનો ફેલાવો થતો અટકાવી શકાય તેમ છે. સુરત શહેરના બાળરોગ નિષ્ણાંત ડો.અશોક કાપ્સેએ ડેન્ગ્યું રોગ વિષે વિસ્તૃત જાણકારી આપી પ્રેઝન્ટેશન પણ રજુ કરેલ હતું. ઈ.ચા.જંતુનાશક અધિકારી ડો.કેશવ વૈષ્ણવ દ્વારા સમગ્ર કાર્યક્રમની પ્રેઝન્ટેશન દ્વારા જાણકારી આપવામાં આવી હતી. વાહક જનિત રોગ નિયંત્રણ વિભાગ દ્વારા લાઈવ ડેમોન્સ્ટ્રેશન દ્વારા મચ્છરજન્ય રોગ વિષે જાણકારી આપવામાં આવી હતી. કાર્યક્રમને અંતે ઈ.ચા. જંતુનાશક અધિકારીશ્રી જે.પી.વાગડીયાએ ઉપસ્થિત સૌનો

કાર્યક્રમમાં હાજર  રહેવા તથા પોતાનો અમૂલ્ય સમય ફાળવેલ તે બદલ આભાર માન્યો હતો.






GOVERNMENT OF GUJARAT
URBAN DEVELOPMENT AND URBAN HOUSING DEPARTMENT
SACHIVALAYA, GANDHINAGAR

NOTIFICATION

SCHEDULE-1

SCHEDULE-2



GOVERNMENT OF GUJARAT
URBAN DEVELOPMENT AND URBAN HOUSING DEPARTMENT
SACHIVALAYA, GANDHINAGAR

NOTIFICATION

Dated 19.07.2016

Copy forwarded with compliments to:

# પ્રેસનોટ

**સેન્ટ્રલ ઝોન**
**સુરત મહાનગરપાલિકા**

**શનિવાર–દબાણ–ચોક બજાર ખાતેથી દબાણ દૂર કર્યાની વિગત :–**

સેન્ટ્રલ ઝોનમાં ચોકબજાર વિસ્તાર મકકાઈપુલથી ડકકા ઓવારા ઉપર વર્ષોથી શનિવારી બજાર ભરાતુ આવેલ છે. શનિવારી બજારમાં આવતા ગ્રાહકા તથા વેચાણકર્તાઓ અને અન્ય ફેરીયાઓને કારણે શનિવારે મકકાઈપુલથી વિવેકાનંદ બ્રીજ સર્કલ પાસે તથા ગાંધીબાગ રંગ ઉપવન પાસે ભારે ભીડનાં કારણે ટ્રાફીકની અવર જવરમાં કાયમી અવરોધ થાય છે.

આ સમસ્યાના નિવારણ અર્થે, સેન્ટ્રલ ઝોન સુરત મહાનગરપાલિકા દ્વારા અઠવા પોલીસ સ્ટેશનનાં સ્ટાફની મદદ લઈ, શુક્રવારે મોડી સાંજ પછી રાત્રે ૮:૦૦ કલાકથી શનિવારની વહેલી સવાર ૩:૦૦ વાગ્યા સુધી શનિવારી બજારમાં ભરાતાં માલ સામાન તથા ફેરીયાઓ ઉપર વોચ ગોઠવી ગેરકાયદેસર થતાં દબાણ દુર કરવાની સાથે બજાર વિવેકાનંદ સર્કલ તથા ગાંધીબાગ જંકશન થી શકય અંદર ભરાય તે હેતુસર રાત્રે આવતાં ફેરીયાઓને સમજ આપવા બંદોબસ્ત ગોઠવવામાં આવેલ તથા શનિવાર બજાર તાપી તટે અંદરથી ભરાવવા માટેની ગોઠવણ કરેલ, ઉપરોકત કાર્યવાહી દરમ્યાન સહકાર ન આપતા અયોગ્ય સ્થળે ગોઠવાયેલ ફેરીયાઓનો માલ સામાન પણ જપ્ત કરવામાં આવેલ છે. જેમાં પંલગ–૪૪, પાર્સલ પોટલા–૦૩ નંગ જમા લેવામાં આવેલ છે. શનિવારી બજાર યોગ્ય રીતે ભરાય તે હેતુસરનાં અભિયાનમાં સેન્ટ્રલ ઝોનનો દબાણ સ્ટાફ, અઠવા પોલીસ સ્ટેશનનાં પી.આઈ., પી.એસ.આઈ.શ્રી તથા આશરે ૨૦ થી વધુ બેલદારોનો સ્ટાફ આ કામગીરીમાં જોડાયેલ હતો.

૮૦૦

## સુરત મહાનગરપાલિકા દ્વારા ડેન્ગ્યુ રોગ અંતર્ગત આજરોજ કરવામાં આવેલ "ડ્રાય ડે" ઝુંબેશ ની પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકાનાં વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા હાલની મચ્છરજન્ય રોગોનાં નિયંત્રણ માટે તમામ સ્તરે સઘન કામગીરી કરવામાં આવી રહી છે જેના અનુસંધાને તમામ ઝોનમાં આજે **તા.૨૩/૦૭/૧૬** ના રોજ મચ્છરજન્ય રોગ નિયંત્રણ માટે "ડ્રાય ડે" ની ઉજવણી કરવામાં આવેલ હતી. જેની માહિતી નીચે મુજબ છે.

–સેન્ટ્રલ ઝોનમાં હસનજી ટેકરો,ગુંબજવાળી મસ્જીદ,લીમડાશેરી,જમાલશા અને પંજાવા મહોલ્લો,ડી.કે. એમ. સામે હરીજનવાસ જેવા વિસ્તારોમાં, રાંદેર ઝોનમાં અડાજણ દરગાહ,બોમ્બેકોલોની,ઘોયા મહોલ્લો,પંકજનગર,રાજીવનગર, રહેમતનગર જેવા વિસ્તારોમાં, ઉધના ઝોનમાં અશોક સમ્રાટનગર, રામદેવનગર, જમનાનગર,જયઅંબેનગર, ભકિતનગર–૨,હયાતનગરજેવા વિસ્તારોમાં, લિંબાયત ઝોનમાં સંજયનગર–૧,૨, સંજયનગર સર્વે નં.–૪૮,માન દરવાજા ગલીનં.૧થી ૧૭, રેલરાહત કોલોની,રામીપાર્ક, મહાદેવનગર–ઘ,સાંઈધામ સોસા,વૃંદાવન પાર્ક જેવા વિસ્તારોમાં, અઠવા ઝોનમાં આદર્શ પછાત વર્ગ,હળપતિવાસ,હેડગેવારનગર,વેસુ,મંદિર ફળીયુ, ભીમરાડ, મગદલ્લા, વી.આર.મોલ જેવા વિસ્તારોમાં, કતારગામ ઝોનમાં આંબાતલાવડી, આદર્શનગર, રેલરાહત કોલોની,સમતાનગર જેવા વિસ્તારોમાં, વરાછા ઝોનમાં ઘનશ્યામનગર, માતાવાડી કારખાના, વર્ષા સો.,અશ્વિન–૨,મોદી મહોલ્લો રામકિશન કોલોની,છીપવાડ,ખાન મહોલ્લો,સૌરાષ્ટ્ર,

કસ્તુરી બંગ્લોઝ,સાંસ્કૃતિ રેસી.,શ્રીમદ,સાંઈનાથ,તુલશીધામ,મનમંદિર રો હાઉસ,સંગનાસો,સાંઈનગર,રણુજાધામ,જેવા વિસ્તારોમાં કામગીરી કરવામાં આવી.

સમગ્ર શહેરમાં......

| સર્વે કરેલ ઘરની સંખ્યા | સર્વે કરેલ બ્રિડીંગ સ્પોટની સંખ્યા | નાશ કરેલ બ્રિડીંગ સ્પોટની સંખ્યા | ડ્રાય કરેલ પાત્રોની સંખ્યા | સોર્સ રીડકશન | બ્લડ સ્મીયર કલેકશન | નોટિસ | વહીવટી ખર્ચ | ઈસમ ની સંખ્યા | ટેમીફોસ ટ્રીટમેન્ટ | પેમ્ફલેટ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 42329 | 93391 | 433 | 13625 | 1222 | 2918 | 168 | 55250 | 147 | 38705 | 22581 |

**તાવ માટેની ટોલ ફ્રી હેલ્પલાઈન ૧૦૪ નો ઉપયોગ કરવો.**

**સમય સવારે ૮.૦૦ થી રાત્રે ૮.૦૦**